Jain Dharma Vikas (Monthly) Regd No. B.4494




પુસ્તક ૩ જું.] માગશર-પોષ: વીર સંવત ૨૪૬૯. [અંક ૨-૩

No-057530
Lo. 43.13



તંત્રી :
લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક :
ભોગીલાલ સાંકળચંદ શેઠ.

## વાર્ષિક લવાજમ.] વિષય-દર્શન. [રૂપિયા, ત્રણ.

### મહા-ફાગણ, વિ. સં. ૧૯૯૯.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| "સ્વાર્થી-સંસાર" | મુનિશ્રી રામવિજયજી. | ૨૫ |
| શ્રી આદિનાથ ચરિત્ર પદ્ય. | જૈનાચાર્ય શ્રી જયસિંહસૂરિજી. | ૨૬ |
| શ્રી સામાન્ય જિણંદ સ્તવનમ્ | મુનિશ્રી સુશીલવિજયજી. | ૨૭ |
| ॥ તપઃકુલકમ્ ॥ | જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી. | ૨૮ |
| સ્વર્ગસ્થ આચાર્યને અંજલી. | શ્રી શાન્તિકુમાર. | ૩૦ |
| શ્રી સિદ્ધચક્રની તાત્વિક ભાવના. | જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી. | ૩૧ |
| "પ્રશ્નોત્તર કલ્પલતા" | જૈનાચાર્ય શ્રીવિજયપદ્મસૂરિજી. | ૩૫ |
| "ધર્મ્ય-વિચાર." | ઉપાધ્યાય શ્રી સિદ્ધિમુનિજી. | ૩૮ |
| "અભયદાન" | જૈનાચાર્ય શ્રીવિજયપદ્મસૂરિજી. | ૩૯ |
| शास्त्र सम्मत मानव धर्म और मूर्तिपूजा. | मुनिश्री प्रमोदविजयजी म. (पन्नालालजी) | ४२ |
| संसार परिवर्तन शील है. | मुनिश्री कुशलविजयजी. | ४४ |
| અર્હત દર્શન અને ઇશ્વર. | મણીશંકર કાળીદાસ વૈદ્યશાસ્ત્રી. | ૪૭ |
| પ્રથમ કર્મગ્રંથ પદ્યાનુવાદ સહિત. | મુનિશ્રી દક્ષવિજયજી. | ૪૯ |
| "છેલ્લું સંવેદન" | સ્વ. ચીમનલાલ ન્યાલચંદ મહેતા | ૫૨ |
| રોજનીશીનું પાનું. | બાપુલાલ કાળીદાસ સધાણી. | ૫૪ |
| "પુરૂષને ચેતના". | સધાણી કાળીદાસ નેમચંદ. | ૫૫ |
| "ભાગાકાર-ગુણાકાર". | બાપુલાલ કાળીદાસ સધાણી. | ૫૬ |
| શ્રી ચૈત્યવંદન ભાષ્યનો છન્દોબદ્ધ ભાષાનુવાદ. | મુનિશ્રી સુશીલવિજયજી. | ૫૮ |
| "વીરની શોધ". | બાપુલાલ કાળીદાસ સધાણી. | ૬૦ |
| મહાવીર યુગના જવલંત જયોતિર્ધર. | તંત્રી. | ટાઈટલ પેજ ૩ |


વદિ ૬ શુક્ર, શ્રીસુપાર્શ્વનાથ કેવલ અને મોક્ષ તથા શ્રીચંદ્રપ્રભુ કેવલ દિન.
વદિ ૯ રવિ, શ્રીસુવિધિનાથ ચ્યવન દિન.
વદિ ૧૧ મંગળ, શ્રીઆદિનાથ કેવલ દિન.
વદિ ૧૨ બુધ, શ્રીશ્રેયાંસનાથ જન્મ અને શ્રીમુનિસુવ્રતસ્વામી કેવલ દિન.
વદિ ૧૩ ગુરૂ, શ્રી શ્રેયાંસનાથ દીક્ષા દિન.
વદિ ૧૪ શુક્ર, શ્રીવાસુપૂજ્ય જન્મ દિન.
વદિ ૦)) શનિ, શ્રીવાસુપૂજ્ય દીક્ષા દિન.

સુદિ ૨ સોમ, શ્રીઅરનાથ ચ્યવન દિન.
સુદિ ૪ બુધ, શ્રીમલ્લિનાથ ચ્યવન દિન.
સુદિ ૭ શનિ, ચોમાસી અટ્ઠાઇ પ્રારંભ અને રોહિણી દિન.
સુદિ ૮ રવિ, શ્રીસંભવનાથ ચ્યવન દિન.
સુદિ ૧૨ ગુરૂ, શ્રીમલ્લિનાથ મોક્ષ અને શ્રી મુનિ સુવ્રતસ્વામી દીક્ષા દિન.
સુદિ ૧૩ શુક્ર, શ્રીસિદ્ધાચલજી ૭ ગાઉ પ્રદક્ષિણા દિન.
સુદિ ૧૪ શનિ, ચોમાસી ચૌદશ.

### પંચાંગ.

વદિ ૭ ક્ષય

| તિથિ. | વાર. | તારીખ. |
|---|---|---|
| વ૧ | રવિ | ૨૧ |
| ૨ | સોમ | ૨૨ |
| ૩ | મંગળ | ૨૩ |
| ૪ | બુધ | ૨૪ |
| ૫ | ગુરૂ | ૨૫ |
| ૬ | શુક્ર | ૨૬ |
| ૮ | શનિ | ૨૭ |
| ૯ | રવિ | ૨૮ |
| ૧૦ | સોમ | ×૧ |
| ૧૧ | મંગળ | ૨ |
| ૧૨ | બુધ | ૩ |
| ૧૩ | ગુરૂ | ૪ |
| ૧૪ | શુક્ર | ૫ |
| ૦)) | શનિ | ૬ |
| સુ૧ | રવિ | ૭ |
| ૨ | સોમ | ૮ |
| ૩ | મંગળ | ૯ |
| ૪ | બુધ | ૧૦ |
| ૫ | ગુરૂ | ૧૧ |
| ૬ | શુક્ર | ૧૨ |
| ૭ | શનિ | ૧૩ |
| ૮ | રવિ | ૧૪ |
| ૯ | સોમ | ૧૫ |
| ૧૦ | મંગળ | ૧૬ |
| ૧૧ | બુધ | ૧૭ |
| ૧૨ | ગુરૂ | ૧૮ |
| ૧૩ | શુક્ર | ૧૯ |
| ૧૪ | શનિ | ૨૦ |
| ૧૫ | રવિ | ૨૧ |

× માર્ચ. ૩૧

દ્વારાઃ-વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# જૈનધર્મ વિકાસ.

પુસ્તક ૩ જું. માગશર–પોષ, સં. ૧૯૯૯. અંક ૨–૩ જો.


## સ્વાર્થી–સંસાર.

રચયિતા:–(પૂ. આ. શ્રીવિજયનેમિસુરીશ્વર પ્રશિષ્ય મુનિશ્રી રામવિજયજી.)

( ગતાંક પૃષ્ઠ ૧ થી અનુસંધાન. )

શુકલપક્ષને કૃષ્ણુપક્ષના, વારા ફરતા વરસો જાય,
પરદેશ વાટે મુસાફરીના, કાગળ તારો આવે જાય;
પુત્રચારને પુત્રવધુઓ, કુટુંબ કબીલો ભેગો થાય,
પંચાતનામું પંચ મલીને, કરતાં વિવેક નહિ ભૂલાય. ૧૯

શેઠ સિધાવે પરદેશ વાટે, દશ દિનડાં વ્યતીત થાય,
નાત જાતનાં વ્યવહારેથી, કારજ સઘળાં સારા થાય;
ધર્મક્ષેત્રમાં ધન વપરાવી, સાતે ક્ષેત્રે પુષ્ટિ થાય,
પંચ મલીને તીજોરીની, કુંચીલુમખાં પુત્ર સોંપાય. ૨૦

વસ્તુ વહેંચણ નામ પ્રમાણે, પંચ મળી તીજોરી પાસ,
આપવા માટે ખોલી કરતા, જુઓ જુઓ માયાની પ્યાસ;
ઉત્તમકુળના ઉત્તમપુરૂષો, વિવેક ધર્મો નહિ ભુલાય,
મીઠાં કડવાં ફળો અર્પે, કુદરત પાસે સાચો ન્યાય. ૨૧

ગૃહસ્થ અંગે ગૃહસ્થોને, ગુરૂજન પૂજા યશનાં સ્થાન,
માતાપિતાના ઉપગારોને, મનમાં સમરે એકજ ધ્યાન;
ઉપનય સારા બોધો માટે, રચે કવિજન મધુરી વાચ,
ગુણવંતાને ધીરજવાનો, સમજે સાર વિધિએ સાચ. ૨૨

જેવી કરણી તેવી ભાખે, પાર ઉતરણી શિક્ષા સાર,
નીતિ ધર્મે મનુષ્ય ફરજોના, દેખાડે છે સારા વિચાર;
પરજીવોને સુખજ આપે, પામે અતુલ સુખડા સાજ,
પરજીવોને દુઃખજ આપે, પામે અતુલ દુખડા આજ. ૨૩

સ્વમત પરમત જ્ઞાનીજનો, એકજ મતથી બોલે બોલ,
સારા માઠાં ફળો પામે, જોને તું તો ચક્ષુ ખોલ;
વીતરાગ ભાષિત ધર્મવચનો, હૃદય મંદિરમાં સ્થાપી સેવ,
કાવ્ય ચોવીસી દીલ તું, ધરજે સારૂં કરશે શાસનદેવ. ૨૪

કવિત્વ સારૂં ગુણથી પ્યારૂં, દીલડે રૂચ્યું વારંવાર,
વાંચી ધારી શ્રવણુ કરતા, આવે ભક્તિ હૃદય મોઝાર;
**વિજયનેમિ** સૂરીશ્વર કેરાં, ચરણો નિરખી આજ ઉદાર,
**અમૃતસૂરિ** હૃદયે ધારી, **રામવિજય** લહે જ્ઞાન અપાર. ૨૫

## ॥ श्री आदिनाथ चरित्र पद्य ॥

( जैनाचार्य श्री जयसिंहसूरीजी तरफथी मळेलुं. )
(ગતાંક પૃ० ૩ થી અનુસંધાન)

देख दुखी मुनि दया न आई, जीवानन्द कहा सुन भाई।
तुमहिं कहा हृदय मम भाई, नीक बात तुम आज सुझाई ॥
मुनिवर अवश्य चिकित्सा योग, पर में दवा समान वियोग।
लक्षपाक तेल मम पासा, पर दो दवा चाहिये खासा ॥
रत्नकम्बल चंदन गोर्शीषा, मिलत करूं उपचार मुनिशा।
दो वस्तु लावन कर भारा, निज कर लीना पंच कुमारा ॥
लेय भार कर चले बजारा, मिला सबहि एक वृद्ध व्योपारा।
मांगी तिनसों यह दोउ चीजा, व्योपारी सुन अति सुख भींजा ॥
लाख मोहर तिन नाम बतावा, कहो किन कारण लेवन आवा।
लेय मोहर हमको झट दीजे, मुनिवर देह रोगवस छीजे ॥
यह सुनि बनिक अचंभा आवा, देख योवन महं धर्म प्रभावा।
हुआ रोमांच बनिक अति भारी, इतनी रकम धर्म पर वारी ॥
मै अतिमूढ धन बहुत कमाया, पर नहीं झुकी धर्म पर माया।
इमि मन ठान बनिक इमि बोला, मै नहीं लेऊं वस्तु कर मोला ॥
अक्षय धर्म मूल्य में लेऊं, तब में यह दोऊ वस्तु देऊं।
इमि कह दोय वस्तु देदीनी, धनहिं त्याग दिक्षा पुनि लीनी ॥
हुआ परमपद ते अधिकारी, अंत समय सदबुद्धि बिचारी।
सबहिं वस्तु जुटाय कर, मुनि ढिग किया पयान।
तेहि अवसर मुनिराजजी, वढ तरु कर रहे ध्यान ॥
करि प्रणाम पुनि आज्ञा मागी, करहुं चिकित्सा मुनिवर त्यागी ॥
मुनिवर तब अनुमति दे दीनी, तबहि जिवानन्द ओषध लीनी।
प्रथम तेल लिया लक्षपाका, मालिस करी देह महि राका ॥
जिमि क्यारी महीं नीर बहेई, तिमि वह तेल फैल मुनि देही।
तेल प्रभाव होश चलि जावा, रोग कीट पुनि बाहर आवा ॥
रत्न कम्बल पुनि मुनिहीं उडाई, तेहि में कीट लीन हुइ जाई।
पुनि वह कम्बल लिया उठाई, मृत्य गाय पर दिया उड़ाई ॥

कीट रमे सब हीं गोलाशा, ज्ञानी दया विचारत खाशा ।
पुनि अमृत सम चंदन लीना, मुनिवर देह लेप कर दीना ॥
हड्डी चर्म निकाले कीटा, औषध कार्य किया मन चीता ।
लेप किया गोशीर्षका, रोग हुआ सब नास ।
देह क्रांती अति बढ गइ, नष्ट हुइ सब त्रास ॥
परम भक्ति के साथ सब, मिल मागत हे क्षमा ।
प्रेम न हृदय समात, धन्य धन्य सब मित्रको ॥
मुनिवर तब विहार कर जावा, टिकहिं न साधू एको ठावा ॥
सबहि मित्र तब हृदय विचारा, बची दवा बेंच कर सारा ।
स्वर्ण लाय जिन चेत्य बनाओ, इहि विधि रहा शुद्ध अति भाओ ॥
इमि मन ठान चेत्य बनवावा, अरिहंत प्रतिमा तब पधरावा ।
पुनि सब मिल प्रभु पूजा कीनी, धर्म कर्म चित वृति दीनी ॥
गुरु उपासना करि अति प्रेमा, बहु पालत वृत अरु नेमा ।
एक दिन उपजा हृदय विरागा, आये गुरु ढिग मित्र सब सागा ॥
पुनि दिक्षा ली अति सुखदाई, तप वृत करतहिं देह सुखाई ।
करत विहार सबहिं मुनि संगा, तप वृतमें सबहीं मन रंगा ॥
पुनि अनशन वृत लिया उठाई, पंच परमेष्ठी चित बसाई ।
पुनि त्यागी सब निज निज देहा, संगही रहे जीव वस नेहा ॥

**नवां भव समाप्त**

## શ્રી સામાન્ય જીણંદ–સ્તવનમ્.

(રચયિતાઃ–મુનિશ્રી શુશીલવિજયજી.)

(છાની છાની હૈયાની કહુ વાત, પ્રીતમ પેરીસ જઇએ...એ રાગ)

સુણો સુણો હૈયાની હમ વાત, પ્રભુજી અરજ કરીએ;
નથી નથી તુમ વિન કોઇ આધાર, જીનજી અરજ કરીએ. સુણો. (૧)
આતમ નઇયા ભવ સિન્ધુ તારી, કર્મ રિપુ દલ સઘળું વિદારી;
આપો આપો કેવળ દર્શન જ્યોત, પ્રભુજી અરજ કરીએ. સુણો. (૨)
નેમિ–લાવણ્ય સૂરીશ્વર નમશું, દક્ષ–સુશીલ ગુણો હૃદયે ધરશું;
વરશું વરશું સિદ્ધિ વધુ સુવિખ્યાત, સાહિબ અરજ કરીએ. સુણો. (૩)

## ॥ श्री तपःकुलकम् ॥

॥ कर्ता-आचार्यश्री विजयपद्मसूरिः ॥

( ગતાંક પૃષ્ઠ ૫ થી અનુસંધાન. )

तवसा विसिट्ठलाहे-णचा तित्थंकरेहिं संविहिओ ॥
उवइट्ठो भव्वाणं-कहंति णो केवलं पुज्जा ॥३१॥
तवसा लच्छी दुविहा-भवसेढी विविहरोगतइविरहो ॥
इट्ठत्थोह पसिद्धी-देवागरिसो तहा हुज्जा ॥३२॥
साहज्जं पकुणंते-देवा सेवंति तिव्वतवनिरए ॥
पूअंते पणमंते-वियारविलओ तवेण तहा ॥३३॥
तवतवणं तणुसारो-तवसा तणुसोसणं महा लाहो ॥
सोसोदेहसहावो-तवविरहे सोसणं रोगा ॥३४॥
छब्भेया बज्झतवे-अब्भिंतरिए तवेऽवि छब्भेया ॥
दव्वतवो भावतवो-एवंपि तवो दुहा भणिओ ॥३५॥
अब्भिंतरतवपोसो-बज्झतवो भासिओ जिणवरेहिं ॥
तवसा दुविहो लाहो-निदरिसणाइं पवयणम्मि ॥३६॥
तवसा विविहा लद्धी-होज्जा जह गोयमाइपमुहाणं ॥
भवसंतइप्पणासो-दोवइपमुहाण दिट्ठंता ॥३७॥
रोगविणासो तवसा-जह सिरिवालाइ भव्वजीवाणं ॥
कम्मक्खय सिद्धगई-दढप्पहारिस्स दिट्ठंता ॥३८॥
जा बारस वासाइं-दिवायणेणं कया ण उवसग्गा ॥
से णं तवप्पहावो-गहपीडा हवइ णो तवसा ॥३९॥
दुट्ठनिमित्तविणासो-तवसा सुहसंपया विसालाओ ॥
मंगलमाला तवसा-तह सत्तियमोयवित्थारो ॥४०॥
देहो रसणा करणा-अहियण्ण जलाइ पावए जाव ॥
ताव ण कम्मत्तेणा-चअंति संपत्त तणुवप्पं ॥४१॥
तत्तो भावारिगणो-होज्ज दढो तं पडुच्च बज्झतवो ॥
परिहरणिज्जं भोज्जं-सिणेहजुत्तं तहाऽमाणं ॥४२॥
चित्तकरंडयमज्झे-णिवासिरागाइ दोससप्पगणो ॥
इंदियविवरपवेसो-वंछाणिलभक्खणाहारो ॥४३॥

पीडइ भवगयजीवे-तत्तसा जइ होज्ज से णिराहारो ॥
अहियखुहापरिकिण्णो-णस्सइ तत्तो महालाहो ॥४४॥
तवसंविहाण समए-पव्वतवो समहिओत्ति पुव्वतवं ॥
गुरु चिच्चा करणिज्जो-से पच्छा गुरुतवं कुज्जा ॥४५॥
अह चलए इक्कतवो-आगच्छिज्जा परो तवो मज्झे ॥
काअव्वो गुरुयतवो-कुज्जा पच्छा तवं लहुयं ॥४६॥
आरद्धो एगसणा-तवो जहा परतवो अभत्तट्ठो ॥
संपत्तो मज्झम्मि-उववासो चेव कायव्वो ॥४७॥
एगासणाइरूवो-पच्छा लहुओ तवो पसाहिज्जा ॥
विस्सरणाइणिमित्ता-तव भंगो होज्ज कइयावि ॥४८॥
तवमज्झे वा पच्छा-कुज्ज समालोयणा तवे कमिए ॥
वरिसियतवाइयतवे-तिहिक्कमो णो गणीएज्जा ॥४९॥
सूरोदइया य तिही-तिहिप्पहाणे तवम्मि गिह्णिज्जा ॥
पुव्वा तिहिक्खयम्मि-तिहिवुड्ढीए तिही दुइया ॥५०॥
इट्ठतवारंभदिणे-पूया दाणाइ मंगलं कुज्जा ॥
णिव्विग्घा संपुत्ती-तवस्स होज्जा तओ नियमा ॥५१॥
गुरुसुयजोगुव्वहणे-उवहाणे वीसठाणपमुहतवे ॥
इह गुरुणंदीट्ठवणा-तव्वइरित्तेसु लहुणंदी ॥५२॥
परिचत्तो दिक्खाए-बिंबपइट्ठाइए य जो कालो ॥
से चज्जो इगमासा-हिए तवे वरिसिया इम्मि ॥५३॥
सिद्धमुहुत्ते जाए-इट्ठतवारंभणे तयणु समए ॥
असुहे आगच्छिज्जा-दिवसाई णो खई तेहिं ॥५४॥
पढमविहारालोयण-तवणंदीए पहाणणक्खत्ता ॥
मिउधुव खिप्पचरक्खा-हियजोगक्खेम करणयरा ॥५५॥
सणिमंगला य गेज्झा-सुहा तहा सोम भाणुवाराई ॥
कज्जविसेसे गिज्झइ-सुहजोगा वज्जिया दोण्णि ॥५६॥
अहिओ चित्तो मासो-तया पढमचित्तकण्हपक्खम्मि ॥
तहबिइय चित्तमासे-सुक्के कल्लाणमाइतवा ॥५७॥
एवं चेव विहाणं-भद्दवए वुड्ढिए य छट्ठेणं ॥
उच्चरिओ छट्ठतवो-पहुवीरतवाणुओ कज्जो ॥५८॥

ओली पढमदिणत्तय–तवो गणिज्जा ण वीसठाणतवे ॥
आलोयणाइ वि तहा–इत्थत्तवाओ इमो भणिओ ॥५९॥
जम्मि तवे विस्सरणे–जाए ण गणिज्जए तवो मूला ॥
तम्मि तवे तिदिणतत्रो–गणिज्ज तह रोहिणीइतवे ॥६०॥
जहसत्ति तवो कज्जो–तिसलंगय छट्ठपारणे भावा ॥
उववासेहिं कज्जो–वरकम्मय सूयणक्खतवो ॥६१॥
तह करणे जइ सत्ती–ण होज्ज कुज्जंबिलेहि बहुमाणा ॥
दट्ठूण महियतवए–लहुयत्तवियारणा कुज्जा । ६२॥
एगेणं भव्वेणं–उववासो अज्जवासरे विजलो ।
विहिओ परम्मिदिवसे–तिविहाहारोववासोवि ॥६३॥
एवं विहो ण छट्ठो–पगणिज्जइ वीरसामि छट्ठेसुं ।
आलोयणामयतवे–पगणिज्जइ पुव्ववयणेहिं ॥६४॥

( अपूर्ण )

## * સ્વર્ગસ્થ આચાર્યને અંજલી. *

( રચયિતાઃ–શ્રી શાન્તિકુમાર. )

ધર્મ જાગ્યો વૈરાગ્ય રૂચ્યો, ગૃહ સુજન મમતા તજી,
વીર પંથકા શોધક બન્યા, આત્મા ભાવના ઉરે વસી;
સાધુ બનકે સંસાર કાપ્યો, ભવ ભ્રમણુ દુર્ગતી અટકતી,
કર્મો કાપકે સંયમ સાધ્યો, તિર્થોદ્ધાર આગમ ઉરે વસી. ધર્મ. ૧
ગામે ફર્યો નગરે ભમ્યો, જીવ પ્રતિબોધવા કેડકસી,
સાધુ નાયક વીર ઉપાસક, દયા ધર્મ ભાવના ઉરે વસી;
શાંતિ ઝરણુા પ્રેમ જળ, જૈન પિપાસુ પિવા તલસતી,
ધીર ધૈર્ય ઉરે પ્રગટે, શાસન ઝંડો ફરકતી કરી. ધર્મ. ૨
સાધુ બનાવે વેશ પલટાવે, દિક્ષિત સ્થાનકવાશી સાધુનાં,
દીપ પગટ્યો પ્રેમ દાખવ્યો, નથી વાસના કીર્તિ નામની;
જ્ઞાન ધ્યાન તપ ભાવમેં, અહોનિશ ધર્મ જાગરણુમાં,
તિર્થો સુધારે ચૈત્યો બાંધે, સાધુ જીવન અપનાવતાં. ધર્મ. ૩
ગીર તારંગા તિર્થો માંહે, જીવન નૈયા પુરી કીધી,
વીર શાસન અંતિમ સમયે, પ્રતિષ્ઠા કરવા કમર કસી;
કાળ ગોઝારો કેડે પડ્યો, નર નારી અશ્રુધારા વહી,
ધર્મ જાગ્યો વૈરાગ્યે રંગ્યો, ભવ અટવી પુરણુ કીધી. ધર્મ. ૪

# શ્રીસિદ્ધચક્રની તાત્વિક ભાવના.

લેખક. જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી.

( ગતાંક પૃષ્ઠ ૮ થી અનુસંધાન )

આઠમા ગુણઠાણાના છઠ્ઠા ભાગથી આગળ પણ પરંપર કારણ જે ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વ તે છે છતાં જિનનામ નથી બંધાતું કારણકે વિશેષ કષાયોનો અભાવ છે. એટલે બંને કારણથી જિન નામ બંધાય એટલું જ ધ્યાનમાં રાખવાનું છે. 'સમ્મત્ત ગુણનિમિત્તં' ઇત્યાદિ આપેક્ષિક વચન પણ જિનનામના બંધમાં સમ્યક્ત્વ એ પરંપર કારણ છે એમ જણાવતું હોવાથી વ્યાજબી જ છે. વળી અન્યત્ર એમ પણ કહ્યું છે કે-જિનનામના નિકાચિતબંધમાં જ ઉપર જણાવેલા કષાય વિશેષો કારણ છે. પણ સામાન્ય બંધમાં નહિ. એથી એમ પણ સમજાય છે કે 'સમ્મત્ત ગુણનિમિત્ત' મિત્યાદિ વચનથી સમ્યક્ત્વદ્વારા જિનનામનો સામાન્ય બંધ પણ થાય. તથા જિનનામનો જ્યાં સુધી નિકાચિત બંધ ન થયો હોય ત્યાં સુધી તેની ઉદ્વલના ( સત્તામાંથી કાઢી નાંખવું ) થાય, પરંતુ નિકાચિત બંધ થયા પછી તેની ઉદ્વલના ન થાય તે સમયે અરિહંતાદિ વીશે સ્થાનકોની અથવા એક બે ત્રણ વિગેરે સ્થાનકોની આરાધના કરવામાં આવે છે. આ બાબત જુઓ.-લોકપ્રકાશમાં પણ કહ્યું છે—

एकद्वित्रादिभिः स्थानैः, सर्वैर्वा सेवितै र्भृशं ।
जिननामार्जे येन्मर्त्यः, पुमान्स्त्री वा नपुंसकः ॥१॥

ઇત્યાદિ ॥ અને તે દરમ્યાન હૃદયની પવિત્ર ભાવના કેવી હોય છે ? તે જણાવીયે છીયે.-જેઓ ભવિષ્યમાં તીર્થંકર થવાને લાયક હોય, તે નિર્મલ અધ્યવસાયવાલા અને ક્ષાયિકાદિ ત્રણ સમ્યક્ત્વમાંથી કોઈ પણ સમ્યક્ત્વવાલા જીવો સંસારને સર્વથા કલેશમય જાણ્યા બાદ આ પ્રમાણે વિચારે છે. અહો આતો મોટું આશ્ચર્ય છે કે-જેનો ઉત્તમ માર્ગ મોહરૂપી અંધકારથી દેખાતો નથી, તે સંસારરૂપી વનમાં માર્ગને દેખાડનાર-એવો અરિહંતના પ્રવચનરૂપી દીવો હયાત છતાં પણ શારિક વિગેરે અનેક દુઃખોથી ઘેરાયેલા, અને તેજ હેતુથી મુંઝાયેલા એવા જીવો અતિશયેકરી પરિભ્રમણ કરે છે. (એજ અને આશ્ચર્ય લાગે છે. કારણ-દીવો ન હોય ને પરિભ્રમણ કરે, તે સંભવિત છે. પણ દીવો છતાં પરિભ્રમણ કઈ રીતે સંભવે ? એ આશ્ચર્ય.) માટે હું તે જીવોને પ્રવચનના ઉપદેશરૂપિ દીવાનું સ્વરૂપ સમજાવી સન્માર્ગમાં જોડી તે સંસારરૂપિ વનમાંથી બ્હાર કાઢું. એવું વિચારી તે ભાવ દયા વિગેરે ગુણોને ધારણ કરનાર અને તેજ હેતુથી પરોપકાર કરવાના અભ્યાસવાલા તથા તેમાં જ વધતા ઉત્સાહવાળા એવા મહાત્મા; જેમ જેમ બીજાને ઉપકાર થાય તેમ તેમ પ્રવૃત્તિ કરી

અનેક જીવોનું કલ્યાણ કરવા દ્વારા તીર્થંકર નામકર્મનો નિકાચિત (મજબૂત) બંધ કરે. આ પ્રસંગે એ પણ સમજવા લાયક છે. કે–જે મહાત્માની એવી ભાવના હોય કે હું મારા આત્માનો ઉદ્ધાર કરવા ઉપરાંત સ્વજન વિગેરેનો પણ ઉદ્ધાર કરું, (પરંતુ જેમ ભાવી તીર્થંકર તમામ જીવોને ઉદ્ધારવાને ચાહે છે. તેમ અહીં નહિ) એમ વિચારી, તે જ પ્રમાણે પ્રવૃત્તિ કરે. તે ભવિષ્યમાં ગણધર થાય. અને જેને સંસાર ઉપર કંટાળો જાગવાથી એવી ભાવના થાય કે–હું કેવલ મારા આત્માનો જ ઉદ્ધાર કરૂં, એમ વિચારી તેવી જ રીતે પ્રયત્ન કરે. એવા સંવિગ્ન મહાત્મા ભવિષ્યમાં મુંડ કેવલી થાય છે.

જો કે– તીર્થંકર નામકર્મની માફક ગણધરાદિ નામકર્મના ભેદો છે, પણ તેઓનો પંચેન્દ્રિય જાતિ નામકર્મના સંભવતા અનેક ભેદોમાં અથવા જિનનામ કર્માદિમાં સમાવેશ થતો હોવાથી જુદા ન કહીયે તો પણ ચાલે. એ પ્રમાણે પુરૂષ, સ્ત્રી વ નપુંસકમાંનો જે સમ્યગ્દષ્ટિ છતાં ઉપરોક્ત ભાવનાવાળો મનુષ્ય હોય, તે તીર્થંકરનામકર્મને બાંધે છે. એ આવશ્યક નિર્યુક્તિનું વચન છે. અને બંધસ્વામિત્વ નામના ત્રીજા કર્મગ્રંથમાં મનુષ્ય, દેવ, અને નારક એ ત્રણે ગતિવાળા જીવો જિન નામ કર્મ બાંધે એમ કહેલ છે. આ બંને વિચારો પણ અપેક્ષા વિશેષથી ઘટી શકે છે. એટલે પ્રારંભક (તીર્થંકરનામકર્મનો બંધ શરૂ કરનાર)ની અપેક્ષાએ મનુષ્ય–જિનનામ કર્મને બાંધે છે. એમ આવશ્ય નિર્યુક્તિના વચનનું રહસ્ય સમજવું, અને પ્રતિપન્ન બંધની અપેક્ષાએ એટલે મનુષ્યગતિમાં જિન નામનો બંધ શરૂ કર્યા પછીના કાલની અપેક્ષાએ તિર્યંચ સિવાય ત્રણે ગતિના જીવો જિનનામકર્મ બાંધે છે. એ બંધ સ્વામિત્વના વચનનું રહસ્ય છે. એમ કાલ લોકપ્રકાશના વચનથી સમજાય છે. એ પ્રમાણે દ્રવ્ય-અરિહંતો એટલે ભવિષ્યનાં થનાર અરિહંત ભગવંતો પાછલા ત્રીજે ભવે જિન-નામને નિકાચિત બંધ કર્યા બાદ જો સમ્યગદર્શન પામ્યા પહેલા નરકાયુષ્ક બાંધેલ હોય તો આયુષ્યની યોગ્યતાને અનુસારે રત્નપ્રભાદિ ત્રણ નરકસ્થાનો-માંના કોઇ પણ નરક સ્થાનમાં જાય, પણ આગળ ન જાય, કારણ ભાવિઅરિ-હંતના જીવો ચોથી નરક વિગેરેમાં ન જાય માટે જ ચોથી વિગેરે નરકના જીવો ત્યાંથી નીકળીને અનન્તરભવમાં તીર્થંકરપણું ન પામે એમ કહેલ છે. દ્રષ્ટાંત તરીકે જુઓ. શ્રેણિકમહારાજા પહેલી નરકમાં અને કૃષ્ણ મહારાજા ત્રીજી નરકમાં ગયા. ત્યાંથી નીકળીને ભાવિચોવીશીમાં અનુક્રમે શ્રેણિકરાજા પહેલા તીર્થંકર થશે. અને કૃષ્ણમહારાજા બારમા અમમ નામના તીર્થંકર થશે. અને જો સમ્યદ્દષ્ટિ અવસ્થામાં દેવાયુષ્ય બાંધેલ હોય તો ચતુર્વિધ દેવો પૈકી વૈમાનિક દેવપણું પામે. અને વસુદેવ ચરિત્રમાં એમ કહેલ છે. કે કોઇ જીવ ભુવન-પતિપણું પણ પામે. ત્યાં એવું પણ કહેલ છે કે– આજ અવસર્પિણીમાં ઐરવત

ક્ષેત્રના ચોવીશમા તીર્થંકર પાછલે ભવે નાગકુમારદેવ હતા. બીજું સેનપ્રશ્નમાં વિજયસેનસૂરિજીને એવો પ્રશ્ન પૂછ્યો છે કે [તે] ઉદાયિરાજા કે-જે શ્રેણિક [અપરનામ ભંભાસાર આ નામ પાડવાનું કારણ શ્રીસ્થાનાંગસૂત્રની ટીકામાં આ પ્રમાણે જણાવ્યું છે. જ્યારે રાજગૃહી નગરીમાં લાહ્ય લાગતાં પોતાનો રાજમ્હેલ બળવા માંડે છે. તે વખતે શ્રેણિકે બળતી આયુધશાલામાંથી ભંભાને=એટલે લડાઈમાં જય પમાડનારી ઢક્કાને સારભૂત જાણી બ્હાર કાઢી લીધી. તેમના પિતાએ આ બીના જાણી ખુશી થઈ પુત્ર શ્રેણિકનું ભંભાસાર એવું નામ પાડયું. એમ કલિકાલ-સર્વજ્ઞ, હેમચંદ્રસૂરીશ્વરજીએ બનાવેલ નામમાલામાં પણ કહેલ છે.] ના પૌત્ર ( પુત્રનાપુત્ર ) હતા અને જે પૌષધમાં કૃત્રિમ સાધુના પ્રપંચથી કાલધર્મ પામ્યા હતા. તે આવતી ચોવીશીમાં બીજા તીર્થંકર થવાના જે. અને સુપાર્શ્વ કે જે પ્રભુશ્રી મહાવીર દેવના કાકા હતા. તે પણ ભાવિચોવીશીમાં ત્રીજા તીર્થંકર થવાના છે. આં બેના આંતરાનો કાલ થોડો હોવાથી પાછલા ભવમાં તે બે વૈમાનિક દેવો હતા એમ ન કહી શકાય. કારણ ત્યાં જઘન્યથી પણ પલ્યોપમથી ઓછી સ્થિતિ હોતી નથી. વલી કદાચ એમ માનીએ કે 'એ બંને પાછલા ભવમાં ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક આ ત્રણમાંના કોઇ પણ દેવો હતા પરંતુ તેમ કહેવામાં વાંધો એ આવે કે ભુવનપતિ વિગેરે ત્રણમાંનો કોઈ પણ દેવ પોતાંના ભવમાંથી ચવી અનન્તરભવે તીર્થંકરપણું ન પામે એમ કહેલ છે. માટે આ બેનો પાછલો ભવ કઇ ગતિનો માનવો ? આ પ્રશ્નનો વિજયસેન-સૂરિમહારાજે ઉત્તર એ આપ્યો છે કે- એ બાબતની બીના પ્રાયઃશાસ્ત્રમાં દેખાતી નથી. પણ એમ સંભવે છે કે તે બંને પાછલા ભવમાં ભુવનપતિ દેવ હશે. કારણ વસુદેવહિંડિ નામના ગ્રંથમાં ભુવનપતિમાંથી નરભવમાં આવેલાને પણ તીર્થંકરપણું હોય એમ કહેલ છે. બાકી સાચો નિર્ણય તો સર્વજ્ઞ શિવાય બીજો કોણ કરી શકે ?. એ પ્રમાણે ભાવિ તીર્થંકર અરિહંતો, ઉપાન્ત્ય [છેલ્લા-ભવની પહેલાંના] ભવમાં દેવ અથવા નરકનો ભવ કરી ચરમભવમાં રાજવંશીય ઉત્તમ ક્ષત્રિય રાજાઓની સુશીલ રાણીયોની કુક્ષિમાં અવતરે છે. તે પ્હેલાંના દેવપણામાં જેમ બીજા દેવોને છ મહિનાનું આઉખું બાકી રહે ત્યારે શરીરની કાંતિ ઓછી થાય, લજ્જા(શરમ) ઘટે. વિગેરે ચિહ્નો પ્રકટે છે. ને તેથી તેઓને ઓછો કાલ દેવલોકમાં રહેવાનું જાણીને શોક પણ ધારણ કરે. તેમ તીર્થંચર નામકર્મના પ્રદેશોદયવાલા ભાવિ અરિહંતોને ઉપર જણાવેલા ચ્યવનકાલના ચિહ્નોમાંનું કોઇ પણ ચિહ્ન ન પ્રકટે, પરંતુ દેવભવના છેલ્લા સમય સુધી તેઓના શરીરની કાંતિ ભવ્ય [સુંદર] હોય છે. અને તેઓ પહેલાં કરતાં અધિક સુખને અનુભવતા હોવાથી ઘણા આનંદને અનુભવે છે. એમ બીજા અંગની ટીકામાં કહ્યું છે. અને પરિશિષ્ટ પર્વમાં પણ સ્પષ્ટ કહેલ છે. કે—

"राजन्नेकावताराणामन्तकालेऽपि नाकिनां ॥
तेजःक्षयादि च्यवनलिंगान्याविर्भवंति न ॥१॥"

તથા અરિહંત પ્રભુની જેવા બીજા પણ એકાવતારિ જીવોને પાછલા દેવભવમાં ચ્યવનકાલે ઉપર જણાવેલા ચિહ્નો ન પ્રકટે એમ સમજવું. અરિહંતોના પુણ્ય પ્રભાવથી ચ્યવન કલ્યાણકના પ્રસંગે દુનિયાના તમામ ભાગોમાં ચાલુ રોગાદિ ઉપદ્રવો–નાશ પામે અને ત્રણ પ્રકારની (પરસ્પર યુદ્ધની પરમાધિમીએ કરેલી, ક્ષેત્રની) પીડાથી પીડાયેલા નારકીના જીવો પણ ક્ષણ વાર ઉલ્લાસ પામે છે. અને શક્રેન્દ્ર સ્વસ્થાને રહીને તે ભગવંતોની અપૂર્વ બહુમાનથી શક્રસ્તવે (નમુત્થુણં વડે) કરી સ્તુતિ કરે છે. આ પ્રસંગે ભાવિ તીર્થંકરની માતાઓ સુત્તજાગરા (અડધી જાગતી અને અડધી ઉંઘતી) અવસ્થામાં સ્પષ્ટપણે ગજ–વૃષભ વિગેરે ૧૪ સ્વપ્નો દેખે. જે માતાના પુત્ર ભવિષ્યમાં એક તીર્થંકર પદવી જ પામવાના હોય તે ઉપર જણાવ્યા પ્રમાણે શરૂઆતમાં જ ૧૪ સ્વપ્નો સ્પષ્ટ દેખે, એમ સમજવું. પણ જે માતાના પુત્ર ભવિષ્યમાં ચક્રવર્તિની પદવી ભોગવીને તીર્થંકર થવાના હોય, તે (પ્રભુની જનની) બે વાર ચઉદ સ્વપ્નો દેખે છે. એટલે પહેલાં અસ્પષ્ટપણે સ્વપ્ન દેખે અને પછી સ્પષ્ટ દેખે. જુઓ–દાખલા તરીકે–આ વર્ત્તમાન ચોવીશીના ૧૬–૧૭–૧૮ મા તીર્થંકરની માતાઓએ બે વાર દેખ્યા હતા. કારણકે તેઓ અનુક્રમે ૧૨ ચક્રિઓ પૈકી પાંચમા–છઠ્ઠા અને સાતમા ચક્રી થઈ ને પછી તીર્થંકર થયા હતા. તથા યદ્યપિ ૧૪ સ્વપ્નોના નામોને જણાવનારી ગાથામાં છેવટે વિમાન અને ભુવન બંને કહ્યા છે તેથી દરેક ભાવિ તીર્થંકર પ્રભુની માતાઓ–તે બેમાંથી એક સ્વપ્ન દેખે એમ સમજવું. એટલે–જે ભાવિ અરિહંત દેવગતિમાંથી ચવી છેલ્લા ભવે માતાની કુક્ષિમાં અવતરે તેમની માતા વિમાન દેખે અને નરકગતિમાંથી નીકળી માતાની કુક્ષિમાં અવતરે તેમની માતા ભુવન દેખે. ગાથામાં પ્રથમ સ્વપ્ન હાથીનું કહેલ છે, તેનું કારણ એ છે કે–ઘણા દ્રવ્ય અરિહંતોની માતા શરૂઆતમાં હાથીને દેખે છે. પણ એટલું ધ્યાનમાં રાખવું કે—મરૂદેવા માતાએ શરૂઆતમાં બળદનું સ્વપ્ન અને ત્રિશલા (પ્રિયકારિણી અને વિદેહદિન્ના) માતાએ શરૂઆતમાં સિંહનું સ્વપ્ન જોયું હતું. ત્યાર બાદ નિદ્રાનો ત્યાગ કરી સ્વપ્નોને અનુક્રમે યાદ કરી હંસગતિએ કરી પોતાના સ્વામીની પાસે તે બીના કહી અર્થનો નિશ્ચય કરી મનમાં આનંદ પામી શયન ઘરમાં આવીને પ્રભુની માતાઓ ગર્ભનું રક્ષણ કરે છે. આવતાં ખરાબ સ્વપ્નોને રોકે, યથાશક્તિ દાનાદિ ધર્મને આરાધે અને અપથ્ય આહારાદિનો ત્યાગ કરે, રાજા સવારે સ્વપ્ન પાઠકોને બોલાવે.

(અપૂર્ણ.)

# શ્રી જૈનાગમ પ્રશ્નમાલા યાને પ્રશ્નોત્તર કલ્પલતા.

લેખકઃ-**આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી.**

(ગતાંક પૃષ્ઠ ૧૦ થી અનુસંધાન)

૨૮-પ્રશ્ન-પ્રાયશ્ચિત્તનું નિવેદન કઈ રીતે કરવું જોઇએ?

ઉત્તર—બાલક જેમ પિતા વિગેરે વડીલોની પાસે સરલતાએ પોતાનો અભિપ્રાય જણાવે, તે રીતે ગીતાર્થની પાસે થઇ ગયેલી ભૂલ જણાવવી જોઇએ. ભૂલ જણાવતાં કપટ કરનારા જીવો વધારે પ્રાયશ્ચિત્તને યોગ્ય બને છે.

૨૯-પ્રશ્ન-પ્રાયશ્ચિ લેવાથી શા શા ફાયદા થાય છે?

ઉત્તર—પ્રાયશ્ચિત્ત લેનારા ભવ્ય જીવો આઠ જાતના લાભ પામે છે. તે આ પ્રમાણે ૧ લઘુતા=એટલે જેમ ભાર (વજન)ને ઉપાડનારો માણસ ભારને ઉતારીને હળવો બને છે, તેમ ભૂલનું પ્રાયશ્ચિત્ત લેવાથી ભૂલ કરનારા જીવો પાપકર્મની અપેક્ષાએ હળવા બને છે. ૨ આલ્હાદ-પાપ રૂપિ કચરો દૂર થતાં મનમાં આનંદ થાય, ને ફરી તેવી ભૂલ ન થાય, તે બાબત સાવચેતી રહે ૩ સ્વપર નિવૃત્તિ-પોતાને દોષ દૂર થવાથી શાંતિ થાય અને તે પ્રસંગ જોઈને, સાંભળીને બીજા જીવો પણ એ રીતે આત્મ શુદ્ધિ કરી પરમ નિવૃત્તિને પામે. ૪ આર્જવ-સારી રીતે આલોયણા લેનારા જીવો સરલ બને છે. યાદ રાખવું જોઇએ કે એક સરલતા ગુણને લઇને બીજા ગુણો ઘણાં અનાયાસે મળે છે. ૫. શોધિ-અતિચાર રૂપી મેલ દૂર થતાં આત્મા નિર્મલ બને છે. ૬. દુષ્કર-કરણ-પ્રાયશ્ચિત્ત લઇને નિર્મલ થનારા ભવ્ય જીવો દુષ્કર કાર્યને કરનારા કહેવાય છે. કારણ કે અનાદિ કાલના પાપ કરવાના અશુભ સંસ્કારો પડેલા હોવાથી પાપની સેવના એ દુષ્કર નથી. પણ નિર્મલ ભાવે પૂર્વે જણાવ્યા મુજબ પાયશ્ચિત્ત લઇને આત્મશુદ્ધિ કરવી ને ફરીથી તેવી ભૂલ ન થાય તે બાબત સંપૂર્ણ કાળજી રાખવી. એમ કરવું એ બહુજ દુષ્કર છે. જ્યારે હૃદયમાં સંપૂર્ણ મોક્ષ પ્રત્યે રાગ અને ભવભ્રમણ પ્રત્યે તીરસ્કાર હોય ત્યારેજ પ્રાયશ્ચિત્ત લેવાની ભાવના થાય છે. આજ મુદ્દાથી નિશીથ ચૂર્ણિકારે કહ્યું છે કે—"**तं न दुक्करं जं पडिसेविज्जइ, तं दुक्करं जं सम्मं आलोइज्जइ**" એટલે પાપ કરવું એ કાંઇ દુષ્કર નથી, પણ થયેલા પાપની રૂડા ભાવથી શુદ્ધિ કરવી તેજ દુષ્કર છે. આજ મુદ્દાથી પ્રાયશ્ચિત્તને છ પ્રકારના અભ્યંતર તપમાં ને તેમાં પણ શરૂઆતમાં ગણ્યું છે. માસક્ષપણાદિ તપથી રૂડી આલોચના ચઢી જાય છે. અહીં દૃષ્ટાંત તરીકે લક્ષ્મણા સાધ્વી અને ચંડકોશિકના પૂર્વ ભવમાં દેડકીની વિરાધના કરનાર તપસ્વી મુનિ વગેરે જાણવા. લક્ષ્મણા સાધ્વીનું દૃષ્ટાંત ઉપદેશ

પ્રાસાદના ૨૯૧ મા વ્યાખ્યાનમાં જણાવ્યું છે ને ચંડકૌશિકનું દૃષ્ટાંત ૪૪ મા વ્યાખ્યાનમાં જણાવ્યું છે.

૭. આજ્ઞા—પ્રાયશ્ચિત્ત લેવાથી ભગવંતની આજ્ઞા પળાય છે.

૮. નિ:શલ્યત્વ—પાપ રૂપો શલ્ય દૂર થતાં શલ્યરહિત થવાનો અપૂર્વ લાભ મળે છે. એમ જાણીને દોષ લાગતાં પ્રાયશ્ચિત્ત લઇને જરૂર આત્મ શુદ્ધિ કરવી.

૩૦ પ્રશ્ન—ભૂલને સુધારવાની ભાવનાવાળા ભવ્ય જીવોએ પ્રાયશ્ચિત્ત લેવા માટે ક્ષેત્રથી ને કાલથી પ્રાયશ્ચિત્ત દાયક ગીતાંર્થની તપાસ કઇ રીતે કરવી?

ઉત્તર—પ્રાયશ્ચિત્ત લેવા માટે ક્ષેત્રથી સાતસો યોજન સુધીના ભાગમાં અને કાળથી વધારેમાં વધારે બાર વર્ષ સુધી ફરીને ગીતાર્થની તપાસ કરી પ્રાયશ્ચિત્ત લઈને આત્મશુદ્ધિ કરવી. આ બાબતમાં સાક્ષીપાઠ આ છે-

**आलोअणानिमित्तं-खित्तम्मि सत्तजोयण सयाइं ॥**
**काले बारसवासा-गीअत्थगवेसणं कुज्जा ॥१॥**

(આ ગાથાનો અર્થ અહીં શરૂઆતમાં જણાવી દીધો છે.)

૩૧ પ્રશ્ન—અગીતાર્થની પાસે આલોચના [પ્રાયશ્ચિત્ત] નહિ લેવાનું શું કારણ?

ઉત્તર—ભૂલનું પ્રાયશ્ચિત્ત કોને કઇ રીતે આપવું? ચારિત્રાદિકમાં થયેલી ભૂલના પ્રમાણમાં કેટલું પ્રાયશ્ચિત્ત આવે? પ્રાયશ્ચિત્ત લેનારને ઉદ્દેશીને દ્રવ્યાદિક કેવા છે? આ બધો વિચાર અગીતાર્થ પુરૂષ કરી શકતો નથી ને જેને ઓછું પ્રાયશ્ચિત્ત આપવું જોઇએ તેને વધારે પ્રાયશ્ચિત્ત આપે અને જેને વધારે પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ તેને ઓછું આપે. આથી પ્રાયશ્ચિત્તના દાયક અને ગ્રાહક બંને ચતુર્ગતિક સંસારમાં વિવિધ વિડંબના ભોગવે છે. આ કારણથી અગીતાર્થની પાસે પ્રાયશ્ચિત્ત લેવા ના કહી, એ વ્યાજબી છે. કહ્યું છે કે—

**(आर्यावृत्त)**

**अगीओ न वियाणइ-सोहिं चरणस्स देइ ऊणहियं ॥**
**तो अप्पाणं आलो-अगं च पाडेइ संसारे ॥१॥**

(આનો અર્થ શરૂઆતમાં જણાવી દીધો છે.)

૩૨ પ્રશ્ન—આસન્નસિદ્ધિક ભવ્ય જીવો જેની પાસે વ્રતાદિ ઉચ્ચરી શકે તે વ્રતાદિને દેનારા ગુરૂના કયા કયા ગુણો શાસ્ત્રમાં કહ્યા છે?

ઉત્તર—જે દિવસે દીક્ષા લીધી, ત્યારથી માંડીને જેનું ચારિત્ર અખંડ હોય, અને જે વિધિના જાણકાર હોય તેમની પાસે સમ્યક્ત્વ-વ્રત ઉચ્ચરવા (સ્વીકારવા, ગ્રહણ કરવા) અને પ્રાયશ્ચિત્ત લેવું. કહ્યું છે કે—

૩૩–પ્રશ્ન—ચંડાળપણું સંસારિજીવ કયા પાપકર્મના ઉદયથી પામે?

ઉત્તર–જમીન ઉપર પડેલા ફૂલ પ્રભુને ન ચઢાવાય, જો ચઢાવે તો એવું ઘોર પાપકર્મ બંધાય છે કે, જેથી આજીવને ચંડાળના કુલમાં જન્મ લેવો પડે છે. અજાણતાં જમીન ઉપર પડેલું ફૂલ પ્રભુને ચઢાવ્યું હોય, તો શ્રી ગુરૂમહારાજની પાસે પ્રાયશ્ચિત્ત લઇને, તે પ્રમાણે તપશ્ચર્યાદિ કરીને આત્મશુદ્ધિ કરવી.

૩૪–પ્રશ્ન—તેત્રીસમા પ્રશ્નમાં જણાવેલી બીનામાં એવું કયું દૃષ્ટાંત છે, કે જે સાંભળીને તે બીના યથાર્થ સમજાય?

ઉત્તર–વિ૦ સં. ૧૮૪૩ના કાર્તિક સુદિ પૂનમે વિજયલક્ષ્મીસૂરિએ બનાવેલા શ્રી ઉપદેશ પ્રાસાદના ૨૮૮મા વ્યાખ્યાનમાં માતંગપુત્રનું દૃષ્ટાંત આપ્યું છે. તેનો સાર એ છે કે–માતંગપુત્રના જીવે–પાછલા ભવમાં પ્રભુદેવની પૂજા કરતાં એક બહુ સુગંધિ ફૂલ પદ્માસનની ઉપર પડી ગયું. તે પ્રભુના અંગ ઉપર ન ચઢાવાય, છતાં તે બહુ સુગંધી છે, એમ જાણીને નાહ્યા વિના પ્રભુના અંગે તે ફૂલ ચઢાવ્યું. આશાતના કરવાથી તે માતંગનો પુત્ર ચંડાળના કુલમાં જન્મ્યો, ને જિનપૂજા કરવાથી રાજા થયો. જ્ઞાનિ ગુરૂની દેશના સાંભળતાં પોતાના પાછલા ભવની બીના જાણીને તે માતંગપુત્રને જાતિ સ્મરણ જ્ઞાન પ્રકટે છે. દીક્ષા લઇને પરમ ઉલ્લાસથી તેની આરાધના કરીને દુષ્કૃતની ગર્હા–આલોચના વિગેરે કરીને દેવતાઇ ઋદ્ધિને પામ્યો. વિશેષ બીના–ઉપદેશપ્રાસાદ વગેરે ગ્રંથોમાંથી જાણવી.

૩૫–પ્રશ્ન—પ્રાયશ્ચિત્ત લેવાની ભાવનાવાળા ભવ્યજીવો પ્રાયશ્ચિત્ત લેવા માટે સ્વસ્થાનથી નીકળીને ગુરૂમહારાજની પાસે આવતાં રસ્તામાં આયુષ્ય પૂર્ણ થતાં મરણ પામે, તો તેઓ આરાધક ગણાય, કે વિરાધક ગણાય?

ઉત્તર—પ્રશ્નમાં જણાવેલા જીવો પ્રાયશ્ચિત્ત લેવાની લાગણીવાળા હોવાથી આરાધક જ ગણાય. આબાબતમાં સર્વાનુયોગમય પંચમાંગ શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે કે—

॥ आर्यावृत्तम् ॥

आलोअणा परिणओ–सम्मं संपट्ठिओ गुरु सगासे ॥
जइ अंतरावि कालं-करिज्ज आराहओ तहवि ॥१॥

અપૂર્ણ.

# ધર્મ વિચાર

લેખકઃ-ઉપાધ્યાય શ્રીસિદ્ધિમુનિજી.

(ગતાંક પૃષ્ઠ ૧૨ થી અનુસંધાન)

એ પુરૂષસિંહનો અવાજ 'મૌન' છે. અને એ મૌનતા સિંહનાદથી ક્ષુદ્ર અંતરંગ કામાદિ પશુઓને દૂરનાં દૂર ભગાવી રહ્યો છે. સંગમદેવની કલ્પેલી સૌંદર્યવતી સુરસુંદરીઓ તેને તેના ઉંચ્ચ હૃદયના સ્થાનથી હડસેલવા યત્ન કરે, તે નર્યાં ફાંફાં મારવા સીવાય બીજું કાંઇ નથી. કારણ તે મોહથી ઘણે દૂર ઉંચે ઉડનારો હોઇ દૈવી મોહિનીઓનાં મોહ બાણોનો લક્ષ્ય બની શકતો નથી. આમ માયાથી સુદૂર છતાં તેની દૃષ્ટિ જગતનું હિત સાધવા માટે હજુ જગત પર જ મંડાયલી છે. કેવલ પૂર્ણ-જ્ઞાન ઉપાર્જન કરી યોગ્ય જગતને દેવાની વૃત્તિ તેની સર્વશ્રેષ્ઠ ભવ્ય પ્રકૃતિમાં રહેલી છે. પૂર્ણ જ્ઞાન ન હોતાં અધુરેથી તે જગતને ગુંચવાવી નાખવા ડાહ્યો થતો નથી. સાચો 'મહાવીર' અન્યને દોરવામાં અનુભવ સીવાય અન્યનો સ્હાયો લેતો નથી અને અધુરા અનુભવે પ્રાયઃ બોલતો નથી. તે જ્યારે બોલે છે ત્યારે અચળ સત્યજ બોલે છે, અન્યથા તે બોલતો જ નથી. તે સર્વથા ગુફાઓમાં જ ભરાઇ બેસે છે એમ પણ નથી. તેને વસ્તીમાં પણ વસી શકતાં આવડે છે અને અહિં પોતાની નિર્જનતા-એકાકિતા કેમ સાધવી તે ય પણ તેને બરાબર આવડે છે. તેની આવી મનોદશાનું માપ ભાગ્યે જ અજ્ઞાન જગત જાણી શકે, કાઢી શકે.

એકકાળે રાજા મહારાજાઓ આ આજન્મ વિરાગીને ચક્રવર્તી સમજી સેવતા હતા. આજે તેઓ તેને છોડી ચાલ્યા ગયા છે, છતાં તેની બાદશાહી મહત્તા અત્યારની ત્યાગદશામાં વધુ ખીલેલી જોવામાં આવે છે, લાંબા કાળ સુધી આહારમાં અશુદ્ધિ કરનારા સંગમ સુર પ્રતિ તેણે ઉચ્ચારેલાં બીલકુલ બેદરકારી ભર્યાં વચનો તેના, ચક્રવતી' કરતાં ય લાખો ગણા વધારે ગૌરવને સૂચવે છે. રાજાઓના અને દેવેંદ્રોના સુખ શાતા વિષયક પ્રશ્નોથી તેને કાંઈ પણ વિશેષ જણાયું નથી, એમના સુખ પ્રશ્નો પ્રતિ બહુધા બેદરકારી એ ઉદાત્ત મહાપુરૂષ, અત્યંત દુર્દશા પ્રાપ્ત ચંદનબાળાની આગળ ભારે ઉદાર અને વિશાળ દિલથી પોતાનો હાથ લંબાવે છે અને સાંવત્સરીક દાનના દાતા એ હાથમાં ક્ષીરાન્ન જેટલી જ ભાવનાથી અડદના બકુળા ગ્રહણ કરે છે. એ સમર્થ આત્મા નહિ જેવું લઈ, દેનારને સધન અને અમર કરી દે છે, આવી

તો એની સામાન્યમાં સામાન્ય પ્રભુતા છે. વિશેષ પ્રભુતા સમજવા માટે તો પેલા દૃષ્ટિવિષ સર્પ ચંડકૌશિકને પૂછો કે અડપલાં કરનાર પેલા મંખલીપુત્ર ગોશાળાને પૂછો. શૂલપાણી યક્ષ આવા પોતાના અનુભવ કારણથી તેની પ્રભુતાનાં ભાન ભાતો થયો હતો. પરમ પુરૂષોના માર્ગ અલૌકિક હોય છે તે આમ જ. લક્ષણવંતાઓનાં લક્ષણો કેવળ બાહ્ય જ નહિ પણ અભ્યંતર વૃતિમાં યે અપૂર્વ જ હોય છે, એનું એ ઉમદા ઉદાહરણ છે.

છેલ્લું છેલ્લા આવો મહાવીરાત્મા જોયે આજે સદીઓની સદીએ વ્યતીત થઇ ગઇ, ઓ ! જગત ! તું ફરીથી હવે કયારે એવા આત્માને નિહાળીશ ? દુ:ષમ કાળમાં તને પ્રભુતાઇ દાખવતા ઘણાય દંભીઓ મળશે, પણ એવો સાચો 'મહાવીરાત્મા' મળવાને હજુ આરાઓનાં અંતર છે. આ કલિ–કાલમાં 'મહાવીરો'નાં પ્રત્યક્ષ દર્શન દુર્લભ જ નહિ, અલભ છે. એટલું જ નહિ પરંતુ એમના આદર્શને પીછાનનારા સજ્જનો પણ ઓછા જ જન્મતા જણાય છે. આજની દૃષ્ટિગત દુનિયામાં એ 'મહાવીરો'ના અનુયાયીઓ કેટલા છે ? એકાંત દૃષ્ટિવાળું જગત અનેકાંત દૃષ્ટિ દાતા 'મહાવીર'ને ન જ સમજી શકે, એ સ્વાભાવિક છે. છતાં પરીક્ષકને સત્ય સમજાય છે અને ગવેષક 'મહાવીરો' ને ભૂતકાળમાં જઈ શોધી કાઢવા સમર્થ બને છે. શરત ફક્ત એટલી જ કે એમના લોહીમાં સચ્ચાઇનો પ્રેમ, ચૈતન્યમાં માર્ગાનુસારી વૃત્તિ હોવી જોઇએ. જો એ હોય તો જરૂર સાચા 'મહાવીર'ને સમજવા–શોધવા તેઓ શક્તિમાન બનશે.

( અપૂર્ણ )

## અભયદાન.

લે. વિજયપદ્મસૂરિ.

પરમ કૃપાલુ–જગદુદ્ધારક–દેવાધિદેવ શ્રી તીર્થંકર પ્રભુએ ફરમાવ્યું છે કે–નિર્ભય જીવન સૌને ઇષ્ટ હોય છે. કારણ કે કોઇ પણ જીવ ભયને ચાહતો જ નથી. જે ભવ્યજીવો બીજા જીવોને ભયથી મુક્ત કરે, તેમને કોઇ પણ કાલે કોઇના પણ તરફથી ભય હોતો જ નથી. ને નિર્ભય જીવો જ પરમ ઉલ્લાસથી નિર્દોષ ધર્મની સાત્વિકી આરાધના કરી સંસારસમુદ્રનો પાર પામે છે. આજ કારણથી પાંચ પ્રકારના દાનમાં શરૂઆતમાં અભયદાન કહ્યું છે. દાનમાં પાંચ ભેદ આ પ્રમાણે જાણવા.–૧ અભયદાન. ૨ સુપાત્રદાન. ૩ અનુકંપાદાન. ૪ ઉચિત દાન. ૫ કીર્તિદાન. આ પાંચ ભેદમાં અભયદાન અને સુપાત્રદાનનું ફલ મોક્ષ, અને ઉચિત દાનાદિ ત્રણ દાનનું ફલ–ભોગના સાધનાદિ જાણવું. અહીં પ્રથમ જણાવેલા અભયદાનનું સ્વરૂપ ટુંકામાં આ પ્રમાણે જાણવું.

## અભયદાનની વ્યાખ્યા.

વધ-બંધનાદિ કારણોથી ભયભીત બનેલા જીવોને તેમના પ્રાણ બચાવવા વિગેરે પ્રકારે જે નિર્ભય બનાવવા, તે અભયદાન કહેવાય.

## અભયદાનનું સ્વરૂપ.

વિષ્ઠાના કીડાને, અને ઇંદ્રને જીવવાની આશા અને મરણનો ભય એક સરખો હોય છે, તમામ જીવોને જીવવું વ્હાલું છે પણ મરવું કોઇને વ્હાલું નથી. એક માંકડ જેવા ક્ષુદ્ર જંતુને પકડવા જતાં તરત ભાગી જાય છે, એ એમ જણાવે છે કે-હે માનવ! તને જેમ જીવવું વ્હાલું છે, એમ મને પણ જીવવું વ્હાલું છે. આથી સાબીત થાય છે કે-સર્વે જીવો જીવવાને ચાહે છે, માટે સર્વ દાનમાં અભયદાન શ્રેષ્ઠ ગણાય છે. એક માણસને રાજા તરફથી ફાંસીનો હુકમ મળતાં મનમાં મરણનો ભય હોવાથી, તેને કરોડો રત્નાદિ આપીએ, કે સારાં સારાં ભોજન ખવરાવીએ, તો પણ તેને રત્નાદિ ગમશે નહિ, કારણ કે મનમાં મરવાનો ભય રહેલો છે. એજ માણસને સામાન્ય ભોજન ખવરાવીને કોઈ એમ કહે કે-જા હવે તું ચોરી વગેરે પાપ કરીશ નહિ. ને આ ફાંસીનો હુકમ રદ કરવામાં આવે છે, તો તેને અતિશય આનંદ થશે. કારણકે મરણનો ભય જતો રહ્યો. આ બીના દૃષ્ટાંત દઇને શ્રીસૂત્રકૃતાંગ સૂત્રની ટીકામાં વિસ્તારથી જણાવી છે.

અભયદાનના પ્રભાવે આવું દાન કરનારા ભવ્ય જીવો આ લોકમાં પણ "આ દયાળુ છે, આ કૃપાસાગર છે" આવી રીતે પ્રશંસા પાત્ર બને છે અને આરોગ્યમય લાંબુ જીવન તથા સુંદર રૂપ-ગુણને પણ પામે છે અને પરલોકમાં રાજ્ય ઋદ્ધિ ગુણવંત પરિવાર વિગેરે ફલ પામે છે. આ બાબતમાં પુરાવો આ પ્રમાણે જાણવો.

॥ अनुष्टुब्वृत्तम् ॥

दीर्घमायुः परं रूप-मारोग्यं श्लाघनीयता ॥
अहिंसायाः फलं सर्व-किमन्यत्कामदैव सा ॥१॥

ધર્મ બુદ્ધિથી પણ હિંસા કરવી એ તદ્દન ગેરવ્યાજબી છે. કારણ કે તેવા હિંસક જીવો આ ભવમાં પણ ભયંકર સ્થિતિમાં અસમાધિ મરણને પામે છે. એ પ્રમાણે કુલાચાર બુદ્ધિથી પણ હિંસા કરાય જ નહિ. કારણ કે તેમ કરે તો કુલનો પણ નાશ થાય છે. આ વાતને ધ્યાનમાં લઇને જેઓ કુલ ક્રમે ચાલી આવતી હિંસાનો ત્યાગ કરે, તેઓ કાલસૂકરિક કસાઈના દીકરા સુલસની માફક આનંદમય જીવન ગુજારે છે. આ સુલસની બીના શ્રી યોગશાસ્ત્રમાં

વિસ્તારથી જણાવી છે, તેનો સાર ટુંકામાં આ પ્રમાણે જાણવો. દરરોજ પાંચસો પાડાનો વધ કરવો, એ તેના પિતાનો ધંધો હતો. પિતાના મરી ગયા પછી સગાં સંબંધિ જનોએ બાપનો ધંધો કરવા માટે ઘણો આગ્રહ કર્યો, છતાં પણ સુલસે તે ધંધો આદર્યો જ નહિ. તે એમ સમજતો હતો કે-જીવહિંસાનું ફલ મારે જ ભોગવવું પડશે. કુટુંબિજનોએ કહ્યું કે-અમે તારા દુઃખમાં ભાગ લઇશું ને તારા બાપનો ધંધો ચાલુ રાખ. આ અવસરે સુલસે પગ ઉપર કુહાડો મારીને તેઓને કહ્યું કે-હવે મારા દુઃખમાં તમે ભાગ લો. પણ કોઇએ ભાગ લીધો નહિ. ત્યારે સુલસે તમામ સગાંઓને જીવદયાનો સચોટ ઉપદેશ દઇને દયારસિક બનાવ્યા. આ બધું અભયકુમારની મિત્રતાનું પરિણામ છે. જે ભવ્ય જીવ હોય તેને જ અભયકુમારની સાથે મિત્રતા કરવાની ઇચ્છા થાય. સુલસ પણ તેવો જ હતો.

આ ચાલુ પ્રસંગે બીજા પણ અનેક દૃષ્ટાંતો શ્રી ઉપદેશ તરંગિણી વગેરે ગ્રંથોમાં જણાવ્યા છે તેમાંના અવંતિસુકુમાલની બીના ટુંકામાં સાર રૂપે આ પ્રમાણે જાણવી.

અવંતીસુકુમાલ—પાછલા ભવમાં તે એક મચ્છીમાર હતો. મુનિરાજની અભયદાનના માહાત્મ્યને જણાવનારી નિર્મલ દેશના સાંભળી તેણે એવો નિયમ લીધો કે-"જ્યારે હું માછલાં પકડવા જાઉં ત્યારે જાળમાં જે પહેલું માછલું આવે, તેને છોડી દઉં-એટલે જાળમાં પકડું નહિ." આ નિયમ પાળતાં તેને પરીક્ષા કરનાર દેવ તરફથી બહુ જ કષ્ટ સહન કરવું પડ્યું. છતાં નિયમમાં અડગ રહીને પાંચ અણુવ્રતની નિર્દોષ સાધના કરીને અંતિમ સમયે સમાધિ પૂર્વક મરણ પામીને તે નલિનીગુલ્મ વિમાનમાં મહર્દ્ધિક દેવ થયો. અહીંનું દેવાયુષ્ય પૂરૂં કરીને ઉજ્જયિની નગરીમાં ભદ્રા સાર્થવાહીના પુત્ર પણે ઉત્પન્ન થયો. યૌવન વયે બત્રીશ સ્ત્રીઓનો સ્વામી બન્યો. એક વખત વિહાર કરતાં કરતાં સપરિવાર આર્ય સુહસ્તિસૂરિ મહારાજ ભદ્રા સાર્થવાસીની ચિત્રશાલામાં પધાર્યા. સૂરિજી મહારાજ નલિની ગુલ્મ નામની અધ્યયનની આવૃત્તિ કરતા હતા. તે અધ્યયનના શબ્દો અવંતીસુકુમાલના કાને પડ્યા. તે સંબંધી બહુજ એકાગ્રતા પૂર્વક વિચાર કરતાં કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું, તેનાથી તેણે પાછલા ભવની બીના જાણી. તેથી તેને નિર્ણય થયો કે-"હું આ અધ્યયનમાં જે નલિની ગુલ્મ વિમાનનું સ્વરૂપ જણાવ્યું છે, તે વિમાનમાં પહેલાં દેવ હતો. બહુજ લાંબા કાળ સુધી તે દેવતાઈ સુખો ભોગવીને હું અહીં આવ્યો છું." આ રીતે નિર્ણય થયા બાદ આર્ય સુહસ્તિસૂરિજી મહારાજની પાસે તેણે પોતાના વિચાર જણાવ્યા કે-મારે તે વિમાનમાં જવાની ઈચ્છા છે. સૂરિજીએ કહ્યું કે-તેવી ઇચ્છા કરાય જ નહિ, છતાં સંયમની આરાધના કર્યા શિવાય તે વિમાનના

સુખો મળે નહિ વગેરે હકીકત જાણ્યા બાદ તેણે દીક્ષા અંગીકાર કરી. ગુરૂ મહારાજની આજ્ઞા લઇને તેજ રાત્રીએ શ્મશાનમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. તેમના પાછલા ભવની સ્ત્રી મરીને શિયાલણી થઈ હતી. કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા અવંતીસુકુમાલ મુનિને જોતાં પોતાના બચ્ચાંઓ સહિત તે શિયાલણી દ્વેષથી મુનિના પગ વગેરેનું માંસ ખાવા લાગી. સમતા ભાવે આ ઉપસર્ગને સહીને મુનિરાજ અવંતીસુકુમાલ નલિનીગુલ્મ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. વિશેષ બીના પરિશિષ્ટ પર્વાદિમાંથી. આ દૃષ્ટાંતમાંથી બોધ એ લેવો કે–પાછલા ભવમાં કરેલા અભયદાનના પ્રતાપે એક મચ્છીમાર જેવો જીવ પણ શ્રાવક કુલ સંયમની આરાધના, દેવતાઈ ઋદ્ધિ વગેરે વિશિષ્ટ ફલને પામે છે અને ભવિષ્યમાં તેજ જીવ મોક્ષના સુખ પણ જરૂર પામશે.

આ બીના લક્ષ્યમાં રાખીને ભવ્યજીવો પરમ ઉલ્લાસથી અભયદાનની સાધના કરીને અને તેના શુભ સંસ્કારના ફલ રૂપે પામેલ મોક્ષમાર્ગને સાધીને મુક્તિના અવ્યાબાધ સુખ પામે એજ હાર્દિક ભાવના.

---

# शास्त्रसम्मत मानवधर्म और मूर्त्तिपूजा.

लेखकः—पन्यास श्रीप्रमोदविजयजी गणिवर्य. (पन्नालालजी)

( ગતાંક પૃષ્ઠ ૧૪ થી અનુસંધાન. )

## मूर्तिपूजा के सम्बन्ध में विद्वानों की सम्मतियां

मूर्तिपूजा और उसकी प्राचीनता के संबंध में भिन्न २ विद्वानों और पुरातत्वज्ञों के भिन्न २ कथन हैं जिससे मूर्तिपूजा की व्यापकता और प्राचीनता पर अच्छा प्रकाश पडा है और पड रहा है। जब तक मूर्तिपूजा के संबंध में विद्वानोंकी सम्मतियां न दी जाय तब तक मूर्तिपूजा का निर्णायक पक्ष अंगशून्य ही रह जाता है वास्ते यहां संक्षेप में भिन्न २ मतोका दिग्दर्शन कराया जाता है:-

ऐतिहासिक तत्वान्वेषिणी एक पाश्चात्य विदुषी महिला मीसीस स्टीवन्सन लिखती है कि–"हिंद में इस्लाम संस्कृति का आगमन होने के बाद मूर्ति विरोध के आन्दोलन प्रारंभ हुए और उनके लम्बे समय के परिचय से इस आन्दोलन को पुष्टि मिली।" इन पंक्तियों से स्पष्ट सिद्ध होता है कि इस्लाम संस्कृति के पूर्व भारत में मूर्तिपूजा का विरोध नहीं हुआ था और उसका प्रवाह पूर्ववत् अखंड रूप से चल ही रहा था इस अनादि कालीन प्रवाह को रोकने में मुसलमानों ने अनेक विघ्न उपस्थित किये किंतु आर्यजन अपने मार्ग से विचलित न हुए।

जैनधर्म के गण्य, मान्य, प्रतिष्ठित एवं विद्वान् सुलेखक पं. सुखलालजी अपने पर्यूषणों के व्याख्यान में लिखते हैं कि "हिन्दुस्थान में मूर्ति के विरोध

की विचारणा मुहम्मद पैगम्बर के पीछे उनके अमुयायी अरबों और दूसरों के द्वारा धीरे २ प्रविष्ट हुई। जैन परम्परा में मूर्ति विरोध को पूरी पांच शताब्दी भी नहीं बीती है।" पंडितजी का उक्त कथन भी मूर्तिपूजा की प्राचीनता को ही सिद्ध कर रहा है। पंडितजी के कथनानुसार तो मुहम्मद पैगम्बर के पहिले मुसलमान भी मूर्तिपूजक ही थे ऐसा सिद्ध होता है। कितनेक पुरातत्वज्ञों और शास्त्रीय मर्मज्ञों का तो यहां तक कथन है कि-इस्लाम धर्म के तेवीस पैगम्बरोंने तो मूर्तिपूजा का विरोध नहीं किया अर्थात् सब मूर्तिपूजा को पूर्व परंपरानुसार महत्व देते ही आये किंतु चोवीसवें मुहम्मद साहब ने मूर्तिपूजा के ओट में होते हुए अन्यायों को ध्यान में रख कर मूर्तिपूजा का विरोध किया। इससे भी यही प्रमाणित होता है कि प्राचीन काल में मूर्तिपूजा को सब ही महजब महत्व देते थे और प्रतिमाद्वारा आत्म कल्याण मार्ग की ओर झुकते थे। इससे भी प्रतिमा की प्राचीनता सिद्ध हो रही है।

एक विद्वान् लेखक श्रीमान् अवनीन्द्र चन्द्र विद्यालंकारने "माधुरी" नामक मासिक पत्रिका के "पठान काल का सिंहावलोकन" नामक लेख में लिखा है किः—"मुसलमानों की सभ्यता एकदम निराली थी। वे जाति पांति और मूर्तिपूजा को नहीं मानते थे। हिंद में इनके आने के बाद ही मूर्तिपूजा के विरोध का प्रबल आन्दोलन उठ खडा हुआ था। इससे भी इसी बात की पुष्टि होती है कि मूर्तिपूजा अनादि कालीन है और मुसलमानों के भारत में आने के पश्चात् इसमें विघ्न उपस्थित किया गया था। कितनेक विद्वानों का यह भी कथन है कि मूर्तिपूजा की प्रणाली अनादि कालीन परंपरागत पद्धत्यनुसार हो है किंतु यवन लोगोंने इस धर्म की अखंड शृङ्खला को छिन्न भिन्न करने का प्रबल प्रयास और द्रव्य व्यय कर अपनी अधार्मिकता और दुष्ट प्रवृत्ति का परिचय दिया है।

भारतीय पुरातत्वज्ञ और इतिहास के विख्यात माननीय लेखक श्रीमान् रायबहादुर पंडित गौरीशंकरजी हीराचन्दजी ओझा, अपने राजपुताने के इतिहास पृष्ठ १४१८ पर लिखते हैं कि—'स्थानकवासी (ढूण्ढिया) श्वेताम्बर समुदाय से पृथक् हुए जो मन्दिरों और मूर्तियों को नहीं मानते हैं उस शाखा के भी दो भेद है जो बाराpंथी और तेरहपंथी कहलाते हैं। ढूण्ढियों का समुदाय बहुत प्राचीन नही है लगभग तीनसौ वर्ष से यह प्रचलित हुआ है।" उक्त लेखक महोदयन केवल इतिहास लेखक के लिये ही प्रसिद्ध हैं अपितु भारतीय पुरातत्वज्ञों में आपका भी एक उच्च स्थान हैं। आपने अनेक स्थानों के शिलालेखों की खोज की है और उसका रहस्य भी निकाला है। आपकी पंक्तियों से भी यही तात्पर्य निकलता है कि स्थानकवासी समाज बहुत प्राचीन नही है किंतु अर्वाचीन ही है और मूर्तिपूजा प्रणाली बहुत प्राचीन है। इसी प्रणाली का विरोध कर स्थानकबासी समाज निकला है।

दिगम्बर विद्वान् श्रीमान् नाथूरामजी प्रेमी नें अपने भाषण में स्पष्ट शब्दों

में खुल्लम खुल्ला यों कहा था कि:—"क्या आपने कभी इस पर विचार किया है कि जैन समुदाय में हजारों वर्षों से प्रचलित मूर्तिपूजा का विरोध कर के स्थानकवासी सम्प्रदाय की स्थापना करने वाले लौंकाशाह पर किस धर्म का प्रभाव पडा था। मेरा खयाल है कि यह इस्लाम या मुस्लिम धर्म का ही प्रभाव था। दिगम्बर संप्रदाय का तारण पंथ भी शायद इसी प्रभाव का फल है, प्रेमीजी के ये शब्द भी मूर्तिपूजा की प्राचीनता को ही सिद्ध कर रहे हैं इनका तो यहां तक कहना है कि मूर्तिपूजा हजारों वर्ष प्राचीन है और इसके विरोध का सिलसिला इस्लाम धर्म के संस्कार से ही प्रारंभ हुआ है। यवनों के पूर्व क्या हिंदू और क्या जैन सब मूर्तिपूजक ही थे। विद्वद् समाज और विशेष कर स्वामी दयानन्द सरस्वती जैसे संशोधकों का कहना है कि—"संसार भर में सब से पहिले मूर्तिपूजा का प्रारंभ जैनियों से ही हुआ और अन्य धर्मावलम्बियोंने मूर्तिपूजा का पाठ जैनियों से ही सीखा। अर्थात् जैनेत्तर लोगों में मूर्ति का पूजना जैनियों का ही मात्र अनुकरण हैं। इसी लिये तो आज भी भूगर्भ में से पांच पांच हजार वर्ष प्राचीन जैन तीर्थंकर मूर्तियों नीकलती हैं। ( अपूर्ण )

# संसार परिवर्तन शील है.

लेखक-कल्याणकिंकर जैन भिक्षु कुशलविजय, अहमदाबाद.

प्रिय मित्रों ?

प्रकृति का यह अटल नियम है कि पदार्थों की पर्य्याय समय २ पर पलटती ही रहती है। या ऐसा कहना चाहिये कि संसार परिवर्तन शील है। आज हम जिस वस्तु को नूतन रुप में देखते हैं वही कालान्तर से जीर्ण शीर्ण देखी जाती है। वस्त्र, पात्र, मकान आदि किसी भी वस्तु को देख लिजिये संसार में ऐसी कोई भी वस्तु नही मिलेगी जो कि सदाकाल एकसी रहती हो। ऐसा क्यों होता है? इसी लिये संसार का स्वभाव ही परिवर्तन शील है। मनुष्य का बाल्यजीवन कितना सुन्दर और प्रिय होता है। शरीर पर वस्त्र—दागीने आदि नही होने पर भी वह बालक कितना प्रिय लगता है? स्वच्छता से रहने वाले भी उस बच्चे को गोदि में लेकर खेलाते हैं—प्यार करते हैं। परन्तु कालान्तर में वही बालक जब परिवर्तन अवस्था में आ जाता है तब उनका रुप और ही हो जाता है। कपडे दागिने आदि पहनने पर भी पूर्ववत् मनोहरता नही रहती। अगर जो कपडे आदि नही पहनाये जाय तब तो उनका रुप दर्शनीय (?) ही हो जाता है। ज्यों २ परिवर्तन होता जाता है त्यों २

विकार भी उत्पन्न होते रहते हैं, वृद्ध अवस्था तक की परिवर्तनता में मनुष्य की क्या २ स्थिति होती है यह तो पत्यक्ष अपना अनुभव कर ही रहे है। मतलब यह है कि परिवर्तन धर्म सब पदार्थों में रहा है इस लिए तो एक गंभीर वेदना के साथ कहना पडता है कि इस नियम से तीर्थंकरों का शासन भी वंचित नही रह सका। चरम तीर्थंकर प्रभु महावीर परमात्मा के शासन की आज २५ वीं शताब्दि जा रही है। इस लम्बी अवधि तक शासन में कितना परिवर्तन और विकार को स्थान मिलता है यह तो इतिहास ही घोषित कर रहा है।

१२॥ वर्ष तक घोर तपस्या करके प्रभु महावीरने शासन (तीर्थ) रुपी दिव्य शरीर का निर्माण किया था। उस समय यह शासन अत्यन्त कान्तिमय, मनोहर और बीज के चन्द्रवत् बाल्य अवस्था में था।

बड़े बड़े राजा महाराजा चक्रवर्ति वासुदेव आदि इनके शासन में आकर अपने को परम भाग्यशाली समजते थे। सर्वस्व अर्पण करके भी इस शासन की सेवा करते थे।

साक्षात् देव लोक जैसे इन्द्रीय जनित सुख भोगने वाले श्री शालिभद्र, राजपुत्र मेघकुमार, श्रीजम्बुकुमार जैसे पुन्यशाली आत्मा कंचनवरणी कोमलांगी इन्द्राणियों को लज्जित करने वाली स्त्रियों को भी ठुकराकर इस शासन की शरण लेते थे। परिवर्तन शील के नियमानुसार शासन जब युवावस्था में आया तब तक तो इनका शरीर इतना हृष्ट पुष्ट और विस्तिर्ण क्षेत्र में हो गया कि इसको ठहरने का अवकाश भी नहीं मिल सका इनके सेवक भी ऐसे हुए कि इनके स्वास्थ्य की रक्षा करते हुए उत्तरोत्तर उन्नति ही करते रहे जैसे ओशवंश संस्थापक श्रीरत्नप्रभसूरि, सम्राट सम्प्रति को प्रतिबोध देने वाले आर्य्य सुहस्ति सुरि, दुष्काल के कारण संघ की रक्षा करने वाले आर्य्य वज्रस्वामि आदि महापुरुषोंने अपनी शक्ति द्वारा शासन की अपूर्व सेवा की जिससे सर्वत्र महावीर के सिद्धान्त का प्रचार हो गया ऐसा होना स्वाभाविक ही था, क्यों कि अब तक शासन की बालअवस्था से युवावस्था ही थी।

पर कहा है कि–युवावस्था के ढलते ही विकार उत्पन्न हो गया फल स्वरूप वीस्तृत ६०९ में निश्चयनय को ही पकड़कर जिन कल्पो की नकल करनेवाले कुछ बन्धुओंने शासन के एक अंग को पृथक रुप कर डाला और सूत्र साहित्य भी सब नये बनाकर दिगम्बर सम्प्रदाय के नाम से अपनी अलग खिचडी पकाने लग गये।

शासन सेवक महाप्रभावक आचार्योंने इस बिमारी को नष्ट करने का भरचक प्रयत्न किया।

शासन रक्षा एवं शासनोन्नतिके ध्येय से पृथक २ समुदाय की व्यवस्था की।

पर यह हुआ कि भिन्न २ गच्छ होते गये भिन्न २ समाचारियें होतीं गई। "वाड खेत को खाय" जैसी स्थिति हो गई। फिर भी शासन रक्षा एवं उन्नति में सब का एक ध्येय रहा अतः यह एक कम सौभाग्य की बात नहीं है। कुछ समयांतर शासन वृद्धअवस्था आने लगा।

आप जानते हैं कि वृद्ध अवस्था में स्थिति कैसी हो जाती है। ठीक यह स्थिति हमारे शासन के लिये भी होने लगी। भिन्न २ गच्छ एवं समाचारी होने से स्वच्छंदता बढ़ती गई। फल स्वरुप शैथल्यता ने अपना राज्य जमाया। सद्भाग्य से कलिकाल सर्वज्ञ भगवान् हेमचन्द्राचार्य, उपाध्याय यशोविजयजी जैसे बड़े बड़े प्रभावशाली शासन सेवकों का आवीरभाव हुआ और सर्वज्ञ शासन की उन्नति के प्रयत्न किये। क्रियाद्धारक पंन्यास सत्यविजय गणिने क्रिया उद्धार करके शासन को एक प्रकार से वृद्ध अवस्था में गये हुए को फिर से युवक बना दिया। पर आखिर तो वृद्ध अवस्था ही थीन ?

वि. सं. १५०८ में शासन भंजक महोदय! श्रीमान् लोंकाशाह और साधुओं का द्वेषी कडुआशाह का आविर्भाव हुआ। कीसी अपराध विशेष से गुरु महाराजके द्वारा तिरष्कृत हो जाने पर एवं यवनों की सहायता से आत्मकल्याण का मुख्य साधन मूर्तिपूजा, सामायक, पोषध, प्रत्याख्यान आदि क्रियाओं का निषेध करके अपने नाम से पृथक पन्थ चला दिया। सदभाग्य से प्रातःस्मरणिय आचार्य प्रवर श्री विजयहीरसुरिश्वरजी महाराज तथा आनन्दविमलसुरि आदि जैसे महापुरुषोंने: अपनीं विश्वविजयी प्रतिभा द्वारा शासन की सुव्यवस्था की. भूले हुए प्राणियों को सत्यमार्ग पे लाये। खूद लोंकाशाह के अनुयायी कहलानेवाला वा. मो. शा. भी अपनी ऐतिहासिक नोंध में लिखते है कि "पू० मेघजीस्वामि आदि ५०० साधु लौंकागच्छ को छोड़ कर विजयहीरसुरिश्वरजी के शिष्य हो गये"। और बचे हुए लोगोने लोंकाशाहने जिन बातों का निषेध किया था. उन्ही को स्वीकार करके लोंकागच्छ नामक एक पृथक सम्प्रदाय बना लिया।

(अपूर्ण.)

# અર્હત દર્શન અને ઈશ્વર.

લેખકઃ—મણીશંકર કાળીદાસ વૈધશાસ્ત્રી. (જામનગર)

( ગતાંક પૃષ્ઠ ૧૭ થી અનુસંધાન. )

દેવો તેમના પર પુષ્પ વૃષ્ટિ કરે ( અચેત પુષ્પો.) સુગંધીમય વરસાદથી પૃથ્વી પણ શીતળ રહે. કેશ, નખ પ્રભુને ઉગે નહિ. દેવો પણ તેમની આજ્ઞાનું નીરંતર પાલન કરે, ઋતુઓ પણ અનુકુળ રહે, સમવસરણમાં ત્રણ ગઢ રહે, પ્રભુના ચર્ણ સ્પર્શથી સુવર્ણ પુષ્પ વિકસે, ચામર, રત્નાસન, ત્રણ આતપ, મણિમંડિન પતાકા અને દિવ્ય અશોકવૃક્ષ તેમનાં સાથે જ રહે.

આ અર્હત્ દર્શનનાં ઇશ્વરનું નિરૂપણ છે. આ સ્થિતિમાં અર્હત્ દર્શન ઈશ્વર સ્વીકારે છે. આત્માની આ જીવનમુક્ત સ્થિતિ કહો કે સર્વજ્ઞ કહો (કેવલી કહો) તે છે. સર્વજ્ઞ હોવા છતાં અહીં અર્હત્ દર્શન સર્વજ્ઞનાં શરીરનો સ્વીકાર કરે છે. માત્ર તે શરીરની તેમને કોઈ પણ પ્રકારની ગરજ નથી, તેજ વિશેષતા છે. તેમજ દેહ શરીર પણ અપૂર્વ સહસ્ર સૂર્યવત્ કાંતિમાન હોય છે. પછી જે સમયે અઘાતિ કર્મનો સંપૂર્ણ ક્ષય થાય તેજ ક્ષણે તેમનું એ પાર્થિવ શરીર પણ વિરામ પામી જાય છે. આ સ્થિતિને અનિર્વચનીય અવસ્થા અથવા તો સ્વભાવ સ્થિતિ કહીયે તો હરકત નથી. જીવની સાંસારિક આયુષ્યની પણ તે સમયે અવધિપૂર્ણ થાય છે. અઘાતિ કર્મનો તે ક્ષણે સંપૂર્ણ ક્ષય થતાં આ જીવની અંતિમ ઉત્તમાવસ્થા છે. આવી પરિસ્થિતિ પ્રાપ્ત આત્મા સિદ્ધ તરીકે ગણાય છે. તીર્થંકર અને સિદ્ધ બંને વસ્તુતઃ મુક્ત જ છે.

દ્રવ્ય સંગ્રહ કાર સિદ્ધના સ્વરૂપનું લક્ષ કરાવતાં એક મૌલિક સૂચના કરે છે.

**न दुठ कम्म देहो, लोया लोयस्स जाणओ दट्ठा पुरिसा यारो अप्पा, सिद्धोज्झराहलोयसिरित्थोनस्वास्टकर्म देहः लोकालोकस्य ज्ञायक दृष्टा, पुरुषाकारः आत्मा सिद्धः ध्यायेन लोक शिखरस्थ।**

આ શરીર એ આઠ કર્મને આભારી છે. પણ તેવું શરીર સિદ્ધોને રહેતું નથી. સિદ્ધ પોતે લોકાલોકનાં દૃષ્ટા અને જ્ઞાતા હોય છે. નિશ્ચય નયની દૃષ્ટિએ સિદ્ધો સંપૂર્ણ વિદેહી હોવા છતાં પણ વ્યવહારવશાત્ આત્મ પ્રદેશ-પુરૂષાકાર માત્ર હોય છે. આ આત્મપ્રદેશ તેમના છેલ્લા પાર્થિવ શરીરની અપેક્ષાએ કિંચિત્ ન્યુન ૨/૩ હોય છે અને લોકાકાશને શિખરે તેમની સ્થિતિ છે. જ્યાં ચિર સ્થિર અનંત અલોક છે. આ ભગવાન પોતે પોતાના જ્ઞાન, દર્શન, વીર્યના સુખમાં રમણ કરે છે. આ જગતની કાર્ય-કારણ પરંપરા તેમનો સ્પર્શ કરી શકતી નથી, તેમના સ્થાનને સિદ્ધશિલા એવું વ્યવહારથી નામ આપવામાં

આવેલ છે. સર્વ વસ્તુ માત્ર જ જાણી રહ્યા છે. ઇંદ્રિયથી અગોચર તેમજ એક દીપ જ્યોતિમાં અનેક દીપ જ્યોતિઓ સમાઇ જાય છે. તેમજ અનેક સિદ્ધો તે સ્થાનમાં જઈ રહી શકે છે, છતાં પરસ્પર બાધકર્તા થતા નથી. તેમને જ્ઞાન અને દર્શન રૂપ સ્વાભાવિક પર્યાયો હોવા છતાં તેઓ પર્યાય દોષ રૂપ કથનથી ન્યારા છે. તેમનો ગુણ અવ્યાબાધ છે અને અનંત અનંત આનંદમાં પોતે વસી રહેલ છે તેમજ આ સિદ્ધો નિર્મલ આદર્શરૂપ છે. તેનું ધ્યાન કરવાથી તેમનાં ગુણો ગાવાથી, તેવા ગુણોની નજીકમાં જઇ શકાય છે અને તેવા ગુણો ગુણ ગાનારનાં જીવનમાં પ્રકટે છે અને આત્મકલ્યાણ એ સ્વાભાવિક થઇ પડે છે. કોઇ પણ દશામાં પડેલા ને મુક્તાવસ્થાને ઇચ્છતાં આત્માને માટે આલંબન રૂપ અને ધ્યાન કરવા યોગ્ય જો ઈશ્વર હોય તો આ સિદ્ધ ભગવાન કહી શકાય તેમ છે.

જગતના અન્ય સંપ્રદાયો જગતના વિધવિધ વિનાશી અને પાર્થિવ ભોગોની પ્રાપ્તિ માટે પોતાના માની લીધેલાં ઇશ્વરના સ્વરૂપનું ધ્યાન, પૂજન, અર્ચન કરે છે. તેમજ દેવ-દેવી જેવી અનેક શક્તિઓ જ સકામ સ્વાર્થભાવથી ઉપાસે છે. ત્યારે અર્હત્ દર્શન કોઈ જુદી જ દિશાનું સુચન કરે છે. કારણ કે અર્હત્ દર્શનને માન્ય સિદ્ધ ભગવાન્ ઐહિક વિનાશી સુખથી જ તેઓ વેગળા છે. તેથી તેવું સુખ આપી શકતા નથી. તેમજ તેઓ વિષમ વિકારથી નિરાળા છે. તેઓ કાંઇ-બીજા સામાન્ય દેવો મુજબ ગારૂડી ચમત્કાર પણ બતાવતાં નથી. માત્ર તેઓનું સ્મરણ, ધ્યાન અને ગુણાનુવાદ ગાવાથી તેમના જેવા ગુણો ઉપાસકમાં પ્રકટ થાય છે તેથી અર્હત દર્શન **नमो सिद्धाणं** શબ્દથી તે સિદ્ધ ભગવાનને વંદન કરી તેમના અનંત ગુણોનું શ્રવણ મનન અને નિદિધ્યાસન કરવાનું સૂચવે છે.

અર્હત્ દર્શનની ઈશ્વર તત્ત્વની માન્યતા આપણે ઉપર કહી ગયા છીએ. હવે એક બાજુ અન્ય દર્શનની ઇશ્વર સંબંધી માન્યતા સાથે અર્હત્ દર્શનની વિચારણા રજુ કરવાથી યથાર્થ વસ્તુનો નિર્ણય કરી શકાશે, અને જેઓ અર્હત દર્શનને નાસ્તિક કે નિરિશ્વરવાદી કહેવાનું સાહસ કરતાં હશે તેઓને પણ આ વિચારણાથી પોતાની સ્વયં કલ્પી લીધેલી ભ્રમજનક માન્યતાનું ભાન થશે. મિમાંસકો અને સાંખ્યવાદીઓ જેમ પ્રત્યક્ષ રીતે ઇશ્વરનો અસ્વીકાર કરે છે તેવું અર્હત્ દર્શન નથી કહેતું. સાંખ્યો તેમજ બીજા દર્શનો પણ જેમ મૂક્તાત્મા તથા સિદ્ધની ઉપાસના વાસ્તવિક હોવાનું સ્વીકારે છે જેમકે **मुक्तात्मनः प्रशंसा उपासना सिद्धस्य वा** આ સૂત્રને અર્હત્ દર્શન આદરથી જુવે છે. પ્રથમથી જ કોઇ એક ઇશ્વર છે એમ આ સૂત્ર સ્વીકારતું નથી પણ મુક્ત અને સિદ્ધને લક્ષીને આ સૂત્ર છે. આ સાંખ્યની માન્યતા સાથે અર્હત્ દર્શન ઇશ્વર સંબંધમાં સમાનતા ધરાવે છે.

સર્વજ્ઞ / યોગ — મુકત જીવ બ્રહ્મ છે / વેદાંત — તેમજ — મુકતાત્મા સિદ્ધ / સાંખ્ય

સાંખ્ય દર્શનનાં ઈશ્વર સંબંધી શબ્દોનું અર્હત્ દર્શનમાં સ્થાન છે. તેમજ અમુક અપેક્ષાએ તે તે દર્શનોથી સંમત પણ છે, અને અમુક અપેક્ષાએ અર્હત દર્શન જગત્‌ના જીવોને એક નવીન પ્રકાશ પણ આપે છે.

આપણે ભારતના વિધવિધ દર્શનો અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞોનાં ઈશ્વર સંબંધી વિચારોનો નિર્ણય આ નિબંધમાં આપ્યો છે અને એક બાજુ વિશ્વમાન્ય અર્હત્ દર્શનનો પણ ઇશ્વર સંબંધી નિર્ણય આપ્યો છે તેથી વિશુદ્ધ અને તટસ્થ વૃત્તિના આત્માઓ જો નિષ્પક્ષપાત વિચાર કરશે તો અર્હત્ દર્શન એ પણ ભારતનું મૌલિક દર્શન છે એટલુંજ નહિ પણ તેનો સાપેક્ષવાદ ઝીલો તો રૂચીપ્રદ અને વસ્તુને વસ્તુ સ્વરૂપે સમજવામાં સહાય કરી શકે જે સામગ્રી અન્ય દર્શન સાહિત્યોમાંથી મલી શકતી નથી.

છે અને નથી આ બંને વસ્તુની સિદ્ધિ તે સાપેક્ષવાદ કોઇ પણ પદાર્થનાં નિર્ણયમાં સંપૂર્ણ ઉપયોગી છે આ રીતે ઈશ્વર સંબંધી નિર્ણયનો અર્હત્ દર્શનનો વિચારણીય, પ્રશંસનીય ઉલ્લેખ કર્યો છે.

વિશ્વના સકલ જીવો સત્યના પંથે પ્રયાણ કરો અને ત્રિકાળ બાધિત સત્યના શરણે જઇને વિરમો એ શુભેચ્છા.

ૐ શાંતિ શાંતિ સુશાંતિ ભવતુ ।

# —: પ્રથમ કર્મગ્રંથ પદ્યાનુવાદ સહિત :—

મૂલકર્તાઃ—બૃહત તપાગચ્છ નાયક **શ્રીમદવિજયદેવેન્દ્રસુરિ મહારાજ.**

પદ્યમય અનુવાદ કર્તાઃ—મુનિશ્રી **દક્ષવિજયજી** મહારાજ.

(ગતાંક પૃષ્ઠ ૨૩ થી અનુસંધાન)

**मूल—जस्सुदया होइ जिए, हास रई अरइयसोग भय कुच्छा।**
**सनिमित्तमन्नहा वा, तं इह हासाइ-मोहणिअं ॥२१॥**
**पुरिसित्थि तदुभयं पइ, अहिलासो जव्वसा हवइ सो उ।**
**थी—नर—नपुं—वेउदओ, फुंफुम—तण—नगर—दाह-समो ॥२२॥**

(નવ નોકષાયનું સ્વરૂપ)

(હાસ્ય મોહનીય આદિ ૭)

થાય હાસ્ય રતિ અને, અરતિ જ શોક જ ભય અને,
જુગુપ્સા સહેતુ હેતુવિણ જસ, ઉદયથી આ જીવને; (૨૧)
હાસ્યાદિ મોહની કર્મ તે, સુત્રે કહ્યું હે ભવિજના,

( ત્રણ વેદનું સ્વરૂપ )

થાય જેથી પુરૂષ સ્ત્રી ને, બેઉ પ્રત્યે કામના;
સ્ત્રી–નર–નપુંસક–વેદનો તે, ઉદય ક્રમથી જાણવો,
કરીષ તૃણ ને નગર કેરા, દાહ સમ તે માનવો. (૨૨)

**मूल–सुर–नर–तिरि–निरयाऊ, हडि–सरिसं....**

## ૫ આયુષ્ય કર્મ.

સુરઆયુ નરઆયુષ તિરિયં,–ચાયુ ને નરકાયુ એ,
બેડી સમ ચઉવિહ આયુ,–કર્મ પંચમ માનીએ;

**मूल—.... .... नामकम्म चित्तिसमं ।**
**बायाल–तिनवइ–विहं, तिउत्तरसयं च सत्तट्ठी ॥२३॥**

## ૬ નામ કર્મ.

( નામ કર્મના પ્રકારોની સંખ્યા અને તેનું સ્વરૂપ )

બેંતાલીશ ત્રાણું એકસોત્રણ, તેમ સડસઠ જાણીયે,
ચતુર ચિતારા સમા આ, નામકર્મ–પ્રકાર એ: (૨૩)

**मूल–गइ.जाइ-तणु-उवंगा, बंधण-संघायणाणि संघयणा ।**
**संठाण-वण्ण-गंध-रस, फास-अणुपुव्वि-विहगगई ॥२४॥**

( ૧૪ પિંડ પ્રકૃતિનાં નામ )

ગતિ જાતિ દેહ ઉપાંગ બંધન, કાય–સંઘાતન અને,
સંઘયણ ને સંસ્થાન વર્ણ જ, ગંધ રસ ને સ્પર્શ ને;
આનુપૂર્વિ ને વિહગગતિ, ચૌદ એ પિંડ પ્રકૃતિ,
જાણો અવાન્તર ભેદ વાળી, હોય છે પિંડ પ્રકૃતિ. (૨૪)

**मूल–पिंडपयडित्ति चउदस, परघा–उस्सास–आयवुज्जोयं ।**
**अगुरुलहु–तित्थ–निमिणो, वघायमिअ अट्ठ पत्तेआ ॥२५॥**

( ૮ પ્રત્યેક પ્રકૃતિનાં નામ )

પરાઘાત શ્વાસોચ્છવાસ ને, ઉદ્યોત આતપ ને વળી,
અગુરૂ લઘુ નિર્માણ ને, ઉપઘાત તીર્થંકર મળી;
પ્રત્યેક પ્રકૃતિ આઠે એ, સવિ નામ કર્મ તણી અને,

**मूल–तस-बायर–पज्जत्तं, पत्तेय–थिरं सुभं च सुभगं च ।**
**सुसराऽऽइज्ज–जसं तस,–दसगं थावरदसं तु इमं ॥२६॥**

( ત્રસ દશકની (૧૦) પ્રકૃતિનાં નામ )

ત્રસ, અને બાદર, અને પર્યાપ્ત ને પ્રત્યેક ને. (૨૫)
સ્થિર શુભ સૌભાગ્ય સુસ્વર, ને વળી આદેય ને,
યશ એમ એ ત્રસ દશક તે, વળી જાણ સ્થાવર દશકને;

**मूल–थावर–सुहुम–अपज्जं, साहारण–अथिर–असुभ–दुभगाणि ।**
**दुस्सर-ऽणाइज्जा-ऽजस,– मिअ नामे सेअरा वीसं ॥२७॥**

( સ્થાવર દશક અને નામકર્મના ૪૨ ભેદની ગણત્રી )

સ્થાવર અને વળી સૂક્ષ્મ, અપર્યાપ્ત સાધારણ અને,
અસ્થિર તેમ અશુભ ને, દૌર્ભાગ્ય ને દુઃસ્વર અને. (૨૬)
અનાદેય અપયશ એહ સ્થાવર,–દશક ને ત્રસદશક એ,
વીશમાં પ્રત્યેક ને, પિંડ પ્રકૃતિ જો જોડી એ;
તો થાય બેંતાલીશ ભેદો, નામકર્મ તણા જ એ,
વિશેષ સંજ્ઞાઓ હવે, તેની ભવી ! દિલ ધારીએ. (૨૭)

**मूल–तसचउ–थिरछक्कं अथि,–रछक्क–सुहुमतिग–थावरचउक्कं ।**
**सुभगतिगाइ विभासा, तयाइ–संखाहि पयडीहिं ॥२८॥**
**वण्णचउ अगुरु लहुचउ, तसाइ–दु-ति-चउर–छक्कमिच्चाई ।**
**इअ अन्नावि विभासा, तयाइ-संखाहि पयडीहिं ॥२९॥**

( ત્રસ ચતુષ્ક આદિ પ્રકૃતિ બોધક શાસ્ત્રીય સંજ્ઞાઓ )

ત્રસ ચતુષ્ક અને વળી, સ્થિર ષટ્ક અસ્થિર ષટ્ક ને,
સૂક્ષ્મત્રિક સ્થાવર ચતુષ્ક, સૌભાગ્યત્રિક ને જાણને;
અગુરૂ લઘુનું ચતુષ્ક વર્ણ,–ચતુષ્ક ત્રસ–દ્વિક–ત્રિકને
ત્રસષટ્ક આદિ અન્ય પણ, વિશેષ સંજ્ઞા જાણને. [૨૮]
ઉક્ત સંજ્ઞા માંહિ તે તે, પ્રકૃતિ આદિ કરી,
ઉક્ત સંખ્યા પૂરવી, જેથી બને સંજ્ઞા ખરી;

**मूल–गइआईण उ कमसो, चउ–पण–पण–ति–पण–पंच–छ–छक्कं ।**
**पण-दुग-पण ट्ठ-चउ-दुग, इय उत्तरभेअ-पणसट्ठी ॥३०॥**

( ૧૪ પિંડ પ્રકૃતિના ૬૫ ઉત્તર ભેદ )

ચઉ ગતિને પાંચ જાતિ, પાંચ દેહ પ્રકાર ને,
ઉપાંગ ત્રણ ને પાંચ બંધન, પાંચ સંઘાતન અને. [૨૯]
સંઘયણ ષટ સંસ્થાન ષટ ને, પંચવર્ણ દ્વિગંધ ને,
પાંચ રસ ને આઠ સ્પર્શો, આનુપૂર્વી ચાર ને;
દ્વિવિધ વિહાયો ગતિ ઈમ, પિંડ પ્રકૃતિ ચૌદના,
એહ ઉત્તર ભેદ પાંસઠ, જાણવા હે ભવિજના ! [૩૦]

અપૂર્ણ.

# છેલ્લું સંવેદન.

લેખક:—સ્વ૦ ચીમનલાલ ન્યાલચંદ મહેતા.

( પુ. ૨ અંક ૧૧ ના પૃષ્ઠ ૨૬૨ થી અનુસંધાન )

(એક મુમુક્ષુ સ્નેહીએ ક્ષયની પથારીમાંથી કરેલી આ છેલ્લી નોંધ છે. યૌવન કાર્યની આશાઓ ઉપર પથરાતો ઓળો, દર્દની વેદના અને મૃત્યુનાં આવતાં પગલાં, ભલભલા સાધકની માનસિક સમતુલાને હલાવી નાંખે છે, આ માનસિક અંધેર સાધકને વધુ વ્યથીત બનાવે છે, એને જીવનભરનો પુરૂષાર્થ ઓસરતો દેખાય છે, કેટલાક છેલ્જ હારી જાય છે, કેટલાંકનો જીવનદીપ ઝોલાં ખાતો ખાતો હોલાઈ જાય છે, કોઈ વિરલ આત્મજ આ વિરલ ઘડીએ મનો-સ્વાસ્થ્યને ટકાવી રાખી આ જીવનનો આવતા જીવન સાથે સીધો સળંગ સંબંધ બાંધી રાખે છે અને જીવન પ્રવાસને બીજા જન્મે જેમનો તેમ ચાલુ રાખી ધ્યેયની સિદ્ધિ સાંપડયેજ વિરામ પામે છે, અંતસમયનું આ મંથન શબ્દોમાં ટપકાવવું એ સાધકને પોતાને તો એક પારાયણ જેટલું ઉપકારક નીવડે છે, એના સામાન્ય શબ્દમાં પણ હૃદયનો ધબકાર હોય છે અને એથીજ વેદનામાં ઘુંટાયેલા શબ્દો વધુ અસરકારક નીવડે છે. —સંપાદક )

જગત અને તેના પદાર્થો, શરીર, તેની ઇન્દ્રિયો, શરીરનાં સંબંધીઓ શરીરની માલકીની ચીજો, પૈસો, ઘર, કીર્તિ વગેરે પૌદ્ગલિક હોઈ ક્ષણે ક્ષણે પરિવર્તન પામી રહ્યું છે, જ્ઞાની પુરૂષો કહી ગયા છે કે–તમને દેખાતા આકારો ખરી રીતે આકાર છે જ નહિ, પણ છેટે ઉભેલ એક માણસ મસાલને ગોળ ફેરવે તો મસાલ ન દેખાતાં તેજનું ગોળ કુંડાળું દેખાય છે, તેમ પ્રત્યેક આકારમાં ( માણસ, પશુ, દેવ, ઘર, માટી, પાણી વગેરે ) પરમાણુનું કંપન એવી રીતે સતત થઈ રહ્યું છે કે–આપણી આંખો તેને અમુક આકાર રૂપે દેખે છે, બાકી તો દરેક ક્ષણે પરમાણુઓ આવ જા કરી રહ્યા છે, આવી ક્ષણિક ચીજોમાં તમે અત્યારના છેવટના ટાઇમે વાસના તથા મમત્વપણું રાખી તેને છોડવા ઇચ્છતા નથી, એ તમારી અણસમજ તમને કેમ સમજાતી નથી ? તમારે જે નથી છોડવું તે કર્મ સત્તા પરાણે છોડવશે એટલે તમને ભયંકર દુ:ખ થશે, આ બધું છોડવું પણ પડશે અને ખરાબ વિચારણા થવાથી અનંત કર્મ બંધાશે તો પછી તેનું વાસ્તવિક સ્વરૂપ સમજી તેને છોડવા ફરજ પડે તે પહેલાં મમતા ત્યાગી તેનાથી અલગ રહેવા બુદ્ધિમાને તૈયારી રાખવી જોઇએ, તમને લાગશે કે શું વાસ્તવીક સુખ નથી ? છે. અને તે દુર નહિ, પણ તમારા આત્મામાં જ, તમે સમજ્યા હશો કે શરીર વગેરે તમારાથી ભીન્ન પ્રકૃતિજન્ય પદાર્થ હોઈ તમને પૂર્વકૃત કર્માનુસાર તે મલ્યાં છે, તેમનો ટાઇમ થયે તે તમારાથી છુટાં પડવાનાં જ છે, એ બધાંને ધારણ કરનાર, તે બધાં છુટાં પડવા છતાં રહેનાર

એવા તમે આત્મદેવ, મહાન સુખના ભંડાર, આનંદના સાગર છો, જગતની બધી પ્રકૃતિ, વૃત્તિઓ, દ્વેષ, ક્રોધ, કલહ, ખેદ, ચિંતા એ બધું આ નીચેના સ્ટેજ પર જ રહેવાને બંધાયેલી છે, તમારા આત્મસ્વરૂપને તે વૃત્તિઓ જરાયે અસર કરી શકતી નથી. આ તો તમે પોતેજ ઘરનું સુખ વિસારી પારકી પંચાત કરી દુઃખ માની લીધુ છે, આત્મભાવે જરા એક વાર જુઓ કે આખા જગતમાં પ્રત્યેક આકારની પાછળ તેજ તમારા જેવું અનંત આનંદ, વીર્ય-શક્તિવાળું આત્મ સ્વરૂપજ વિલસી રહ્યું છે, પણ ગોટાળો એજ થયો કે પોતાનું સ્વરૂપ મોહ વશે દારૂના કેફની માફક ભુલી જઇ પ્રત્યેક આત્મા પોતે કર્મવશે મેળવેલ દેહનેજ આત્મા માની લઈ, તેને પૂર્વ કર્મ વર્ગણાનુસાર મલતા સુખ દુઃખજનક સંજોગોમાં રાગ દ્વેષ ભાવ લાવી ફરી નવીન કર્મબંધ કરી ભવભ્રમણુ વધારી રહ્યો છે તો હે આત્મન ! તે ઉંઘમાંથી જાગ ! તારૂં અનંત આત્મવીર્ય ફોરવ, તારા એક પ્રદેશમાં પણ આખી પ્રકૃતિને તાબે કરવાનું સામર્થ્ય છે તે કેમ ભુલી ગયો ? દેહ જેવી પરવસ્તુનું ભલું કરવા અનંતકાલ મહેનત કરી આત્મદ્રોહી બન્યો તો હવે એક ભવ તો આત્માનું કલ્યાણ કરવા પ્રયત્ન કર ! આત્મકર્તવ્ય તારૂં એકજ છે કે–તારા જીવનમાં સુખદુઃખના જે જે પ્રસંગો આવે પાંચ ઇન્દ્રિયના અનુકુળ વિષયો મલે કે પ્રતિકુળ પદાર્થ મલે છતાંયે તે પૂર્વ-કર્મ વર્ગણાનું ફળ જાણી તેને સમત્વભાવે જરા પણ હર્ષ શોક ન થવા દેતાં ભોગવી લઈ આત્માને તેટલા પુરતો શુદ્ધ કરવો તેજ છે, જો આ કર્મફળ ભોગવવામાં જરા પણ ખેદ, દુઃખ કે રાગ થશે તો હે આત્મા ! ફરી નવીન કર્મબંધ પડશે અને કરેલ મહેનત નિષ્ફલ જશે.

અત્યાર સુધી જે શરીરને તેં તારૂં માની અનેક દોષો આત્મા પર ચડાવી તેની સેવા તેં કરી છે. તેની હરેક વૃત્તિનો તું ગુલામ બની તેં તેને પોષી છે; છતાં તે વૃત્તિ કે શરીર આજે તારૂં નથી એ તું અનુભવી રહ્યો છે અને તેમ કરવામાં જે જે કર્મવર્ગણા આત્મા પર ચડી હશે તેનું પરીણામ તો તારે આગળ ભોગવવાનું છે, આ શરીરનાં સંબંધીઓ પણ કે જેઓ પૂર્વકર્મના સંબંધો ચુકવવાજ ભેગાં થયાં છે; તેના માટે પણ તેં તારા કાયમનાં સંબંધીઓ માની તેમના શરીરોમાં મમત્વભાવ આરોપી તારા આત્માને બહુજ કલુષિત કર્યો છે. આજે તેમને છોડવાની તારી ઇચ્છા નથી તેમજ ઘણાં પાપ કરીને મેળવેલ લક્ષ્મી, ઉભી કરેલી મહેલાતો, જગતની પ્રશંસા વગેરે જે આ શરીરને લગતી સંસારમાં સારી ગણાતી ચીજો છે અને જે મેળવવાને આત્માને ભુલી જઇ આત્માના માટે અનંતભવ દોજખ તૈયારી કરી તનતોડ પ્રયત્નો કર્યા હતા, તે બધુ આજે તારે સગી આંખે છોડવું પડે છે, કારણ કે–જીવાત્મા કયાં સ્વતંત્ર છે ? કર્મશક્તિની ઇચ્છાનુસાર આત્માને વર્તવું પડે છે, તે વખતે બહુ ખેદ આત્માને થાય છે.

( અપૂર્ણ. )

# રોજનીશીનું પાનું.

નોંધનારઃ–બાપુલાલ કાલિદાસ સઘાણી. 'વીરબાલ'

આપણા ખર્ચાળ રિવાજો આપણી નીતિ, બુદ્ધિ, જીવનરસ અને શરીર સર્વને કચરી, શોષી સુકવી રહ્યાં છે, આ શોષણ અટકાવવું હોય તો શકય એટલા તમામ ખર્ચાળ રિવાજોને પકડી પકડી નાબુદ કરવા જોઇએ.

આપણા સમાજો એકત્ર થઈ ખર્ચાળ અને બીન જરૂરી રિવાજો બંધ કરવા ઠરાવ કરી અમલ કરે એવી આશા નકામી છે, એ માટે તો સમાજના યુવાનોએ દ્રઢ નિશ્ચયી બની આવા રિવાજોનો બહિષ્કાર પુકારવો જોઇએ.

લગ્ન અને એની ચોપાસના એને લગતા ખર્ચાળ રિવાજો સ્ત્રીઓ માટે તો ખાસ કરીને શ્રાપરૂપ છે, એ અંગેના ખર્ચાળ રિવાજો 'ગરીબની કન્યા' અને 'શ્રીમંતની કન્યા'ના ભેદો ઉભા કરે છે એના પરિણામ રૂપે શ્વસુરગૃહે ગરીબની કન્યા સુશીલ હોય તોયે એના કપાળે દુઃખ, મર્મ વચનો અને કંકાસ રહે છે, સ્ત્રી જાતને સુખી કરવા ચાહતા હોય, સંસારમાં સ્વર્ગની કદીએ માનવ સમાજ આશા રાખતો હોય તો એણે આજ ને આજ લગ્ન અને પૈસો એ બે વાત જે એક થઈ ગઇ છે, લગ્ન એક ધંધાનું સ્વરૂપ લઇ બેઠું છે, તે જુદાં પાડી નાખવાં જ રહ્યાં, પછી એ પૈસાની લેવડ દેવડ કોઇપણ સુંવાળા કે ખરબચડા જેવા કે પુરત, કન્યાવિક્રય, દશાચું, મોશાળું, કે આવા કોઇ રિવાજને નામે હોય તેના સામે મક્કમતાથી ખડું થવું જોઈએ.

સમાજના યુવાનોના આવા આવા ભલે ધીરા પણ મક્કમ બહિષ્કારોથી રિવાજોનું જોર ઢીલું પડી જશે, એ રિવાજો બીન જરૂરી છે, એવું સમાજને સમજાતું જશે, અને યુવકો અને વૃદ્ધોના દીલમાંથી ગમે તે બ્હાને મળતા રૂપાનાં ચગદાનો લોભ ઓછો થતો જશે, અને તેના પરિપાકરૂપે એક દિન એવો આવશે કે, સમાજમાં આપણે મુક્તિ શ્વાસ લઇ શકશું. જીવન કાંઈક ફોરું અને જીવવા જેવું લાગશે, આજે જીવન જે સમાજના મોટા ભાગને આફતરૂપ થઇ પડયું છે તે આવાં ખર્ચાળ બંધનો જતાં કાંઇક રાહતરૂપ નીવડશે.

આવા પ્રશ્નોમાં કોઇ સંબંધીએ માઠું લગાડવું ઘટે નહિ અને યુવાને પણ પોતાની મક્કમતા ડગાવવી જોઇએ નહિ, અટલ નિરધાર!

જેની પાછળ દોડો દોડી આપણે તુટી જઈએ છીએ એ કોઇ નક્કર વસ્તુ છે કે મૃગજળ છે? છેટેથી એની મોહકતા ઠંડી, મોઠી લાગે છે, પણ નજીક જઇએ છીએ ત્યારે એ ભુલભુલામણી સિવાય કશું નજરે પડતું નથી, અને એ માટે આપણે કેટલું સહન કરીએ છીએ? જીવનભર હાડચામ ઘસી

નાંખો, કરજ અને એની ઓશિયાળી, આર્તધ્યાન, વ્યવસ્થિત જીવન અને જીવનની જરૂરીઆતોની મુશ્કેલીઓ વેઠી લઈએ છીએ. આ કેટલો અંધાપો છે? ઘણાના તો આ દોડ પાછળ ધંધા ખોરવાઇ જાય છે.

આ બધું નજરે જોવા છતાં ય શું આપણે કાંઇ શીખવા માગતા નથી? થોડીક હિંમત બતાવી જીવનભરની કરૂણતાને અટકાવવાનું નુર પણ આપણામાંથી પરવારી ગયું છે? શુ ધરતીકંપ વગર આપણે ચેતવાના જ નથી? શું યુવાનો માટે જીવનભર કુટુંબ સાથે, સમાજ સામે લડવાનો અને લડીને જ માર્ગ કાઢવાનો એક જ માર્ગ રહ્યો છે? શું સમાજ જ્ઞાન અને હિંમતથી કશું નહિ કરવાના સ્વભાવવાળો હશે?

# પુરૂષને ચેતના.

## દુહા.

સંગ્રાહક—**સંઘાણી કાળીદાસ નેમચંદ.**

પરલોકે સુખ માણવા, કર સારો સંકેત ॥
હજુ બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત ॥૧॥
જોર કરીને જીતવું, ખરેખર રણ ખેત ॥
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત ॥૨॥
ગાફલ રહીશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત ॥
હવે જરૂર હુશીયાર થઈ, ચેત ચેત નર ચેત ॥૩॥
તન ધન તે તારાં નથી, નથી પ્રીયા પ્રણેત ॥
પાછળ સહુ રહેશે પડયાં, ચેત ચેત નર ચેત ॥૪॥
પ્રાણ જશે જ્યાં પીંડથી, પીંડ ગણાશે પ્રેત ॥
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત ॥૫॥
રહ્યા ન રાણા રાજીઆ, સુરનર મુની સમેત ॥
તુ તો તરણો તુલ્ય છે, ચેત ચેત નર ચેત ॥૬॥
રજકણ તારાં રઝળશે, જેમ રઝળતી રેત ॥
પછી નરરત્ન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત ॥૭॥
કાળા કેસ મટી ગયા, સઘળા થયા સફેદ ॥
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત ॥૮॥
માટે મનમાં સમજીને, વિચારીને કર વેત ॥
ક્યાંથી આવ્યો ક્યાંજવું, ચેત ચેત નર ચેત ॥૯॥
શુભ સીખામણ સમજ તું, પ્રભુ સાથે કર હેત ॥
અંતે અવીચળ એ જ છે, ચેત ચેત નર ચેત ॥૧૦॥

# ભાગાકાર ગુણાકાર.

## [ સામાયિક નોંધપોથી ]

બાપુલાલ કાલિદાસ સઘાણી.

### પર્વતિથિનું સ્થાન કયાં ?

શ્રીકસ્તુરભાઇ શેઠના પ્રમુખપદે મળેલી અક્ય સમિતિને એકય માટેની શિસ્તના પસાર કરેલા ઠરાવો પર સહીઓ કરતા સમાજમાં છેલ્લાં ત્રણ ચાર વર્ષથી ચાલતો તિથિ ચર્ચાનો કલહ યાદ આવ્યો હતો કે નહિ ?, અને યાદ આવ્યો હતો તો એ વખતે કમીટી સભ્યોમાં એ અંગે શો ખ્યાલ પ્રવર્તતો હતો એ ઠરાવના પાસ કર્તા અગ્રગણીઓ પ્રર્વતિથિને અનુષ્ટાન-ક્રિયાના ક્ષેત્રમાં સ્વીકારે છે કે નહિ ? પર્વતિથિનો અનુષ્ઠાન-વિધિમાં જો સમાવેશ હોય તો ઠરાવો પાસ કરનારી સમિતિની ફરજ હતી કે તેમણે નવા તિથિ પ્રચારથી ઠરાવનો-અને સમાજની શિસ્તનો ભંગ થાય છે, એવું સંયુક્ત નિવેદન કરવું જોઇતું હતું, એ જો શકય ન્હોતું તો સહી કરનાર દરેક સભ્યે વ્યક્તિગત નિવેદનથી વિરોધ જાહેર કરવો જોઇતો હતો, પણ આપણે જોઇએ છીએ કે એ સૌ ઠરાવ પસાર કરી મોં છુપાવી બેઠા છે, સોસાયટી પક્ષે પણ શરૂ શરૂમાં એ ઠરાવોની ખુશાલીમાં ઢોલ પીટયાં હતાં, અમે એ પક્ષને પણ ઉપરની વાત પૂછીએ છીએ, પરંતુ ખાત્રી છે કે કોઇ હવે એ પ્રશ્ન પર ચુંકે ચાં કરવા માગતા નથી, તો પછી શું આ ઠરાવો માત્ર સુધારકોને આ સમાજમાંથી હાંકી કાઢવા જ ઘડાયા હતા ? જો આમ જ હતું તો આવા અનુષ્ટાન વિધિ જેવા શબ્દોની શી જરૂર હતી, કમીટીએ સાફજ કહી દેવું હતું કે "સુધારકો જબાન બંધ કરો, કારણ કે સમાજમાં કુસંપ વધે છે" (મતલબ કે અમારી ઘોર નિષ્ફલતા અમને ડંખે છે) સુધારકો શું સમાજના સાવકાં છે ? આવી ઢીલીપોચી નેતાગીરીનો અર્થ શો છે ? સજીવતા સિવાય ચોપાસ જુઓ કયાંય નેતાગીરી થઇ શકી છે ? નક્કી માનજો કે યુવાનોની મસાલ વગર અજવાળું પથરાશે નહિ, અને એના સ્વાર્પણ વિના સમાજરથ આગળ ચાલશે નહિ, અંતમાં આપણે હજુએ ઇચ્છીએ કે શ્રી કસ્તુરભાઇ શેઠ. તિથિચર્ચાના પ્રશ્નમાં મજબુત હાથે કામ લેશે, અને ચર્ચાને સમેટી લેવા જેવું જણાશે તો એવી રીતે સમેટશે કે, મોટાઓની રોગીષ્ટ મનોદશાને નગ્ન સ્વરૂપમાં નીરખી સમાજ કાંઇક પાઠ શીખે !

### યુવાનોને તમાચો.

જૈનસમાજનો યુવાનવર્ગ આમ થવું જોઇએ અને આમ કરવું જોઇએ એવો પ્રચાર છેલ્લી એકવીશીથી લગભગ એકધારો કરતો રહ્યો છે. પણ એ શબ્દોને અમલી બનાવવાના પુરૂષાર્થ વગર એ પ્રચાર, આજ નિસત્વ અને

વાતોના નામે ઉવેખાઇ જવાની સ્થિતિએ પહોંચ્યો છે, આ ઘડીએ જો સુધારકો પાઠ શીખે તો એમની આંખ ખોલી નાંખનારો એક સરસ તમાચો શ્રીરામચંદ્રસૂરિજીએ ચોડી કાઢ્યો છે, ધડાક દઈને ન પ્રચારની જરૂર જોઈ, ન સાથની વાટ જોઇ અને એમણે તો નવી તિથિ-માન્યતા અમલમાં જ મુકી દીધી, અને સુધારકોને ઇસારાથી સમજાવી દીધા કે "આમ જુઓ સમાજમાં કામ આમ થાય, અને પોતપોતાનું સંગઠ્ઠન પણ આમ થાય, બાકી વાતો અને પ્રચારની વાટ જોશો તો યુગ સુધી વાટ જોવા દી' રહેશો, હિંમત હોય તો મારી જેમ રચનાત્મક કામ કરો અને નહિ તો વાતો મુકી દઈ ઘર સમાલો, સમાજનું થવું હશે તે થશે"

## સંયમ અને પરાધીનતા—

માનવજીવનની ઉન્માર્ગગતિ અવરોધવા કોઇ નિયમનની જરૂરિઆતનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ત્યારે ત્યારે જૈન શૈલી માનવીના પોતાના આત્માની જાગૃતિસ્વરૂપ સંયમ, અને બહુ બહુ તો અમુક સનાતન સત્ય જેવા કેટલાક નિયમોને ત્યાં સ્વીકારે છે, સ્ત્રીઓ કયારે અને કદી પણ સ્વાતંત્ર્યને યોગ્ય નથી, એમને માટે તો પરાધીનતા જ મુક્તિસૂત્ર છે, એ મનુ મહારાજની નીતિ આપણા માનસ શાસ્ત્રીઓએ સ્વીકારી નથી, અહીં વાદવિવાદની દૃષ્ટિએ આ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં નથી આવતો પણ જૈન ફિલસુફીની આ લાક્ષણિકતા ભુલાઇ ન જવી જોઇએ, બીજી વ્યક્તિનો અંકુશ કે પરાધીનતા માનવ પ્રગતિ માટે ઈષ્ટ કે અનિષ્ટ છે એ સૂક્ષ્મ ચર્ચાને એક બાજુ મુકીએ તોયે આ પરિસ્થિતિથી શાસકમાં જે ઘમંડ, આગ્રહ, મનસ્વીતા અને મુરબ્બીવટ આવે છે, અને તેના પ્રત્યાઘાત રૂપે પરાધીન વ્યક્તિમાં જે લઘુગ્રંથી, બોઘાપણું. બેદરકારી,અને છેવટ શાસનની નીતિથી સત્ય પ્રત્યેનો દ્વેષભાવ ઉત્પન્ન થાયછે તે પરાધીનતાના હેતુને ઉલટો વધુ વિકૃત બનાવે છે. અને આનો પરિપાક તો આપણે સમાજ જીવનમાં આજે ડગલે ને પગલે જોઇએ છીએ, અને આથી જ આપણા ધાર્મિક ક્ષેત્રમાં, ગુરૂસેવા, ભગવાનની સેવા, ભજન, કોઇની મુરબ્બીવટને જરૂરથી વધુ જરાયે સ્થાન નથી, અતિરેકનાં ફળ ન ચાખવાં પડે માટે સાવચેતી રાખી તમામ ઝોક જ્ઞાન અને ચારિત્ર પર જ મુકવામાં આવ્યો છે, આજના સંક્રાંતિકાળથી મુઢ બની આ જૈનશૈલીની લાક્ષણિક સંદેશ આપણે ન ભુલીએ.

## આ, ક, પેઢીનો દંડ ?

અખબારી હેવાલોથી જાણવા મળેછે કે, પાલીતાણા રાજ્યે શેઠ આણંદજી કલ્યાંણજીની પેઢીનો ઘાસલેટની નોંધણી અંગે દંડ કર્યો છે, આ વાત સાચી હોય તો આવી બેદરકારી સોચનિય ગણાય, પેઢી તરફથી એક નિવેદનથી આ પ્રકરણ અંગે જરૂરી માહિતી મળે એવી સમાજ આશા પણ ન રાખે ?

॥ ॐ अर्हं नमः ॥

# શ્રી ચૈત્યવંદન ભાષ્યનો છન્દોબદ્ધ ભાષાનુવાદ.

મૂલકર્તા: પૂ૦ શ્રીદેવેન્દ્રસૂરિશ્વરજી મહારાજ

અનુવાદક: મુનિરાજ શ્રીસુશીલવિજયજી.

સિદ્ધહેમ—સિદ્ધાંત કૌમુદી વગેરે વ્યાકરણ ગ્રન્થોમાં પ્રવેશ કરવાને પ્રારંભમાં જેમ શબ્દરૂપાવલી, ધાતુરૂપાવલી, સમાસચક્ર, સન્ધિ આદિના નિયમો ઈત્યાદિ મુખપાઠ કરવા પડે છે.

ન્યાય ગ્રંથોમાં પ્રવેશ કરવાને શરૂઆતમાં જેમ તર્કસંગ્રહ, કારિકાવલી, મુક્તાવલી વગેરે ગ્રન્થો મુખપાઠ કરવા પડે છે.

તેમ સિદ્ધાંત ગ્રંથોમાં પ્રવેશ કરવાને શરૂઆતમાં પંચપ્રતિક્રમણ, મહાપ્રભાવિક નવસ્મરણ, ચાર પ્રકરણ (જીવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુ સંગ્રહણી), ત્રણ ભાષ્ય (ચૈત્યવંદનભાષ્ય, ગુરૂવંદનભાષ્ય, પચ્ચક્ખાણભાષ્ય) અને છ કર્મગ્રન્થ (કર્મવિપાક, કર્મસ્તવ, બંધસ્વામિત્વ, ષડશીતી, શતક અને સપ્તતિકા) પણ અવશ્ય મુખપાઠ કરવા પડે છે.

જો આપણી પાસે આ બધી કુંચીઓ તૈયાર હોય તો તેના આકર ગ્રન્થોના તાળાં ખોલતાં આપણને લેશમાત્ર વાર લાગે નહીં. અને જેમ જેમ આપણે તેમાં ઉંડા ઉતરતા જઇશું તેમ તેમ તેમાંથી ઘણુંજ જાણવાનુ મળી શકશે.

આપણા પૂર્વાચાર્ય મહર્ષીઓએ આપણને થોડામાંથી પણ ઘણું પ્રાપ્ત થઇ શકે તે માટે સમસ્ત સિદ્ધાંત સાગરનું મંથન કરી આ અણમોલ રત્નો આપણને સમર્પણ કરેલાં છે.

આપણે જો તેને એમને એમ ગુમાવી દઇશું તો ફરી ફરીને તે મળવાં બહુ જ મુશ્કેલી ભરેલાં છે.

અનેક ગુણાલંકૃત પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય પ્રગુરૂદેવ વ્યાકરણ વાચસ્પતિ કવિરત્ન શાસ્ત્રવિશારદ શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસે ચાર પ્રકરણ કર્યા બાદ ભાષ્યત્રયનો અભ્યાસ કરતાં મને તે વખતે તેના ઉપરથી પ્રાકૃત-સંસ્કૃતથી વંચિત જીવોના બોધ માટે છન્દોબદ્ધ ગુર્જર ભાષામાં ભાષાનુવાદ કરવાનું મન થયું. અને તેમાં મુનિમહારાજ શ્રીચંદ્રપ્રભવિજયજીએ તથા મુનિ શ્રી કલ્યાણપ્રભવિજયજીએ પ્રોત્સાહન આપ્યું. એટલે તે કામ આરંભાયું અને ગાવામાં સહુને સુપરિચિત હરિગીત છંદમાં તે કામ પૂજ્યપાદ પ્રગુરૂદેવની કૃપાથી પાર પણ પડયું.

પ્રથમ અહીં હું ભાષ્યત્રયમાં આવતા ચૈત્યવંદનભાષ્યનો અનુવાદ આપ-

વાનો છું. ત્યારપછી ગુરૂવંદનભાષ્ય અને પચ્ચક્ખાણુભાષ્યનો અનુવાદ પણ અનુક્રમે આપવા ભાવના છે.

આ ભાષ્યત્રયના કર્ત્તા પૂજ્યપાદ આચાર્યદેવ [1]**શ્રીદેવેન્દ્રસૂરિ** મહારાજા છે. તેમણે આ ભાષ્યના ત્રણ વિભાગ પાડેલા છે.

૧ લા વિભાગમાં **'ચૈત્યવંદન ભાષ્ય'** છે. તેની પ્રાકૃત ગાથાઓ આર્યા છન્દમાં ૬૩ છે. આમાં દેવતત્ત્વનું સ્વરૂપ અને તેની આરાધના સંક્ષિપ્તમાં ઘણી સારી રીતે વર્ણવેલ છે.

૨ જા વિભાગમાં **'ગુરૂવંદન ભાષ્ય'** છે. તેની પ્રાકૃત ગાથાઓ આર્યા છન્દમાં ૪૧ છે. આમાં ગુરૂતત્ત્વનું સ્વરૂપ અને તેની આરાધના સંક્ષેપમાં ખુબ જ આળેખેલ છે.

૩ જા વિભાગમાં **'પચ્ચક્ખાણ ભાષ્ય'** છે. તેની પ્રાકૃત ગાથાઓ આર્યા છન્દમાં ૪૮ છે. આમાં ત્યાગમય ધર્મતત્ત્વનું સ્વરૂપ અને તેનું આરાધન ટુંકાણુમાં સુંદર રીતે બતાવેલ છે.

---

૧ શ્રીતપાગચ્છરૂપી ગંગા પ્રવાહને હિમાલય સમાન, તપાબિરૂદોદ્ધારક, હીરલા શ્રી **જગચ્ચંદ્રસૂરીશ્વરજી** કે જેમના આયંબિલ તપના પ્રભાવથી ચિતોડગઢના મહારાણાએ વશ થઇ **'તપા'** એવું બિરૂદ જાહેર કર્યું હતું. ત્યારથી તપાગચ્છની શરૂઆત થઇ.

એટલુંજ નહીં પણ તેજ મહારાણાની રાજસભામાં દિગંબરાચાર્યો સાથે વાદ કરતાં હીરાની પેઠે અભેદ્ય રહ્યા. તેથી મહારાણાએ **'હીરલા જગચ્ચંદ્રસૂરિ'** એવું બિરૂદ પણ જાહેર કર્યું હતું.

આ ભાષ્યત્રયના રચયિતા દેવેન્દ્રસૂરિ મહારાજ પણ તેમના જ શિષ્યરત્ન છે. જેઓ શ્રીસુધર્માસ્વામીની ૪૫ મી પાટે આવે છે.

આ દેવેન્દ્રસૂરિ મહારાજે આ ભાષ્યત્રય સિવાય પણ અનેક ગ્રન્થો રચી મહાન્ ઉપકાર કર્યો છે. જુઓ તેમના બનાવેલા અન્ય ગ્રન્થો—

૧ વન્દારૂવૃત્તિ. ૨ સારવૃત્તિ દશા. ૩ કર્મગ્રન્થ દીપાસ્તમોપહાઃ ૪ સિદ્ધ પંચાશિકા. ૫ શ્રાદ્ધદિન કૃત્ય સૂત્ર અને વૃત્તિ. ૬ ધર્મરત્નવૃત્તિ. ૭ નૂતન કર્મગ્રન્થ પાંચ વૃત્તિ સહિત. ૮ સિદ્ધ દણ્ડિકા સ્તવ. ૯ સુદર્શન ચરિત્ર. ૧૦ સિરિ ઉસહ વદ્ધમાણ પ્રમુખ સ્તવનો.

તેમને **'વિદ્યાનંદ'** અને **'ધર્મકીર્તિ'** ઉપાધ્યાય નામના બે શિષ્યો હતા. ધર્મકીર્તિને પાછળથી આચાર્યપદ મળતાં **'ધર્મઘોષસૂરિ'** થયા. તેઓ દેવેન્દ્રસૂરિ મહારાજની પાટે આવ્યા. તેમને પણ શત્રુંજયાદિ તીર્થના કલ્પો, ચોવીશ જિનની સ્તુતિ, સ્વગુરૂકૃત ચૈત્યવંદન ભાષ્યપર સંઘાચાર નામની વૃત્તિ, વગેરે સંસ્કૃત ગ્રન્થો તથા કેટલાએક પ્રાકૃત પ્રકરણો અવચૂરિ સાથે બનાવેલાં છે.

૧—આ ચૈત્યવંદન ભાષ્યની પહેલાં પણ શ્રી શાન્તિસૂરિ મહારાજે ચૈત્યવંદન સૂત્રો સહિત ૯૧૦ ગાથાઓનો 'चेइयवंदण महाभास' નામનો ગ્રન્થ રચેલો છે. તે ત્રણેય ભાષ્યની અવચૂરિ સહિત છપાઇને પ્રસિદ્ધ થયેલ છે. આ દેવેન્દ્રસૂરિના ચૈત્યવંદનભાષ્ય પર 'સંઘાચાર વૃત્તિ' શ્રીદેવેન્દ્રસૂરિજીના શિષ્ય રત્ન ધર્મઘોષસૂરિએ રચેલી છે.

ધાર્મીક જીવનનો વિકાસ કરવાનો દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વોની આરાધના માટે આ ગ્રન્થ ખાસ પાયારૂપ છે.

માટે જૈનધમના આરાધના કરવાની ઇચ્છાવાળા દરેકની ફરજ આ ગ્રંથ શીખવાની છે. જૈન જીવન તત્ત્વના મૂળભૂત આ ગ્રંથ છે.

વિધિવાદ–ક્રિયાવાદના એ ત્રણેય વિષયને અંગે પઠન પાઠન કરવા લાયક વર્તમાન સમયમાં કોઈ પણ ગ્રંથ હોય તો આ એકજ ગ્રંથ દૃષ્ટિગોચર થાય છે.

આ ત્રણેય ભાષ્યની અવચૂરિ પંદરમા સૈકામા થયેલા '**શ્રીસોમસુંદર સૂરિ,** એ રચેલી છે. વળી '**જ્ઞાનવિમલસૂરિ**'એ આ ત્રણેય ભાષ્યનો બાલાવબોધ ( ભાષામાં અર્થઃ ) લખેલો છે. તથા વર્તમાનમાં શ્રી જૈનશ્રેયસ્કર મંડળ–મહેસાણા તરફથી બહાર પડેલ 'ત્રણ ભાષ્ય–ભાવાર્થ સહિત' તેમાં આ ત્રણેય ભાષ્યનો ભાવાર્થ સિનોરવાળા પણ્ડિત **ચંદુલાલભાઇએ** લખેલો છે.

જૈન સંઘમાં આ 'ભાષ્યત્રય' પાઠય પુસ્તક તરીકે પ્રસિદ્ધ હોવાથી તેની અનેક પ્રકારની આવૃત્તિઓ બહાર પડેલી છે. અને નવી બહાર પડતી જાય છે. સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા, રૂપ ચતુર્વિધ સંઘ તેનો સારી રીતે સદુપયોગ કરે છે.

હવે મૂળ ગાથા સહિત અનુવાદ નીચે પ્રમાણે જણાવાય છે. (અપૂર્ણ.)

# વીરની શોધ.

**બાપુલાલ કાલીદાસ સધાણી.** [વીરબાળ]

મને કોઇ બતાવો રે, કોઇ બતાવો મારો વીર.—એ ટેક.

પંથ વાડાને નાકે પૂછયું, મોહે આદર દીધ.
બની બેસો અમારા જેવા, થાશે મનવાંછિત સિદ્ધ મને૦ ૧
ભજનીયા રંગ રાગે ભુલ્યા, ક્રિયાવાદીને મત નેહ;
બા'રના શોખે આતમ ડુલે, અંતર પુકારે ઓહ. મને૦ ૨
મુંઝાઇ ઉભો, હેતુડે કીધું, છાતી ઉપર મુક હાથ;
આંતરનાદ પછી જે સુણાયે, માન તે તારો પાથ મને૦ ૩
એ શું ખોટું કહેશે ના વીરા, પાયમાં નહિ શું ઠેલે ?
મન માનવ જીવનને મારે, તું કેમ આવું તોલે ? મને૦ ૪
આતમ દીપક અંતર છે હાં, વિઘ્રાતક છે મન;
હૃદયની આણે, ભુલ ન શાણા, દેશ, અછૂત કે સંત, મને૦ ૫
ઝબકારા ! તેં તેજ પાથરીયું, ખોલી દીધાં દિવ્ય દ્વાર,
સંઘરી એક એ વાત કલેજે, જાશું જ્યાં વ્હાલીડો વીર મને૦ ૬

મુદ્રકઃ–**હીરાલાલ દેવચંદ શાહ.** "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે–**અમદાવાદ.**
પ્રકાશકઃ–**ભોગીલાલ સાંકળચંદ શેઠ.** '**જૈનધર્મ વિકાસ**" ઓફિસ જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ–**અમદાવાદ.**

# મહાવીર યુગના જ્વલંત જ્યોર્તિધર.

જૈન શાસનના સ્થંભ સમા બાળબ્રહ્મચારી, તપસ્વી, રૈવતાચલ, ચિત્રકૂટાદિ તીર્થોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ સંવત ૧૯૩૦ ના પોસ સુદિ ૧૧ ના સૌરાષ્ટ્ર ભૂમિના વાકાનેર શહેરમાં દશાશ્રીમાળી જ્ઞાતિના શેઠ પુલચંદભાઈના ધર્મપત્ની ચોથીબાઈના કુક્ષીથી છઠ્ઠા બાળક અને ચોથા પુત્ર તરીકે જન્મી નિહાલચંદના નામથી પ્રસિદ્ધ થયા.

બાળ અને યુવાન વયમાં વ્યવહારિક અને ધાર્મિક જ્ઞાનાભ્યાસ કરતાં અઢાર વર્ષની ઉંમરથી હૃદયમાં વૈરાગ્ય ભાવનાના બી રોપાતાં સંસાર પ્રત્યેનો મોહ ઓછો થયો. જેમ જેમ વૈરાગ્ય વૃત્તિને વધુ પોષણુ મલતુ ગયુ તેમ તેમ આ દુન્યવી સુખને અસાર માની તેને તીલાંજલી આપવાનો દ્રઢ નિશ્ચય વધતાં ત્યાગી બનવાની ધગશ વધી અને પરમ ઉદ્ધારક ગુરૂદેવની શોધમાં માદરવતનથી સૌરાષ્ટ્ર ભૂમિમાં સંસારી વેશમાં પગ ન મુકવાનો નિર્ધાર કરીને નીકળી પડ્યા, શોધતાં શોધતાં મુનિ સિદ્ધિવિજયજી(સિદ્ધિસૂરિજી) પાસે ગયા, પરંતુ તેઓશ્રીએ વડિલોની આજ્ઞા વિના ચારિત્ર આપવાની ચોખ્ખી ના સુણાવતા તેમની પાસે વિદાયગીરી માંગી દાહદથી મહેરવાડા તરફ જતા રસ્તામાં સ્વયં સંસારીકપડાં ઉતારી, શિરમૂંડન કરાવીને સંવેગીના કપડાં પહેરી, સં. ૧૯૪૯ના અસાડ સુદિ ૧૧ ના સાધુ બન્યા અને મહેરવાડા એકલા ચાતુર્માસ રહ્યા.

ચાતુર્માસ પૂર્ણ થયે મુનિશ્રી કાન્તિવિજયજી પાસે ભાગવતી દીક્ષાની ક્રિયા કરાવી બાર વર્ષ સુધી જ્ઞાનાભ્યાસ કરી, આગમો અને દ્રવ્યાનુયોગનું જ્ઞાન સંપાદન કરી વિદ્વાન, વ્યાખ્યાનકાર સાધુ તરીકેની નામના મેળવી યોગવહન કરી સં. ૧૯૬૧ના માગશર સુદિ ૫ ના સુરતમાં ગણિપદ અને પં. ભાવવિજયજી મ.ની કૃપાથી સં. ૧૯૬૨ ના કારતક સુદિ ૧૧ના પન્યાસપદ પાલીતાણામાં મેળવ્યા બાદ ચૌદ વર્ષનો કાળ વિહાર, વ્યાખ્યાન, ઉપદેશ અને અધ્યયન મનનમાં વ્યતિત કરતાં ઉચા પ્રકારની નામના મેળવતાં અમદાવાદના ડેહલાના, પગથીઆના, લવારની પોળના અને વીરના ઉપાશ્રયના સંઘના અને દેશાવરોના સંઘોના આગ્રહથી ગુરૂદેવે પોતાના સ્વહસ્તે વાસક્ષેપ નાખી શાસનના આ ઝળકતા સીતારાને આચાર્ય પદારોપણુ વિધિ સંઘ સન્મુખ નંદિની ક્રિયાથી કરાવી હતી.

આચાર્યપદની મહાન ધુરાનો સ્વીકાર કર્યા પછી તેમના માથે આવી પડેલી જૈન સમાજની ધાર્મિક બધી જવાબદારીઓનો તેઓ અભ્યાસ કરવા લાગ્યા અને જરૂરી કાર્યો ઉપાડવા લાગ્યા. આચાર્યદેવે પોતાના ૪૯ વર્ષના કાળ દરમિયાનમાં પોતે ૨૭ ભાગ્યવંતાઓને પ્રવ્રજ્યા આપી પોતાના શિષ્ય અને પચાસ કરતાં વધારે ભાગ્યશાળીઓને ભાગવતી દીક્ષા આપી પ્રશિષ્યાદિ બનાવવા ઉપરાંત સેંકડો નારીઓને ભાગવતી દીક્ષા આપી સાધ્વીઓ બનાવી, એકંદર અઢીસોક સાધુ સાધ્વીને જૈન શાસનના પંચ મહાવ્રતના ઉપાશક બનાવ્યા હતાં. વળી તેઓના ગાંભીર્ય ભરેલા સ્વભાવથી અને મીઠી વાણીથી અનેક ભક્તજનો તેઓની આજુબાજુ હંમેશા વિંટળાયેલા રહેતાં, જેઓને ઉપદેશ

આપી. ૩ સિદ્ધાચળના, ૨ કેસરીયાજીના ૧ કચ્છ ગીરનારનો ૨ સંખેશ્વરજીના, ૧ કાપરડાજીનો અને ૧ જેસલમીરનો એમ દશ 'છ'રી પાળતા સંઘો, જુદાજુદા વીસેક વ્યક્તિઓને વીશસ્થાનક, નવપદજી, પંચજ્ઞાન, બારવ્રત આદિ વ્રતોના ઉદ્યાપનો, તેમજ બાવીસેક વ્યક્તિઓને જુદા જુદા સમયે ઉપધાનતપ મહોત્સવની આરાધના અને ગિરનાર, ચિત્રકુટ, કુંભારીયાજી, તારંગાજી, સંખેશ્વરજી, સુરત, વાપી, રૂપાસુરચંદનીપોળ અમદાવાદ, આદિ સ્થળોએ પ્રતિષ્ઠા મહોત્સવો, રાધનપુર અને કાપરડાજી બોર્ડિંગો, અને જુદા જુદા ગામોમાં મળી ૫૬ પાઠશાળાઓ, અમદાવાદ, પાટણમાં લાયબ્રેરીઓ આદિ જ્ઞાનની પરબો વહેતી મુકાવવા ઉપરાંત પાલીતાણા, પુર, આહડ, ફ્લોધિ આદિ સ્થળોએ ધર્મશાળા આદિ અનેક શાસન ઉદ્યોત ખાતાઓ ખોલાવી ઓછામાં ઓછા પચીસેક લાખથી વધુ રકમનો સદ્વ્યય કરાવ્યો છે.

આ રીતે આચાર્ય શ્રી સમાજના આવા મામુલી ચાલુ કાર્યો કરાવવામાં જ માત્ર ઉત્સાહિ હતા તેમ નહોતું તેઓ સમાજના પોલીટીકલ પ્રશ્નોમાં અને તીર્થોના રક્ષણના પ્રશ્નોમાં પણ ખૂબ ખ્યાલ રાખતાં હતાં. રૈવતાચલતીર્થ ઉપરના જિનાલયોની જીર્ણ સ્થિતિ થઈ ગયેલ હોવા છતાં, તે તીર્થની વહિવટ કરતી પેઢી પાસે આર્થિક સંજોગો સદ્ધર હોવા છતાં જીર્ણતા ટાળવાના કાંઇ પણ પ્રયત્ન રાજકીય સંજોગોના અંગે કરી શકી નહોતી તે બાબત આચાર્યદેવશ્રીના હૃદય ઉપર આવતા રાજ્યના કર્મચારી મંડળ પ્રત્યે લાગવગનો ઉપયોગ કરી, કરાવી આજદિન સુધિ જે કાર્ય થતું નહોતું તે કરાવવાની રાજ્ય પાસેથી પરવાનગી મેળવી, ગિરનારના જીર્ણ જિનાલયોનો જીર્ણોદ્ધાર સ્વતંત્ર રીતે જુદી કમિટી નિમી તે દ્વારા શરૂ કરાવી, તે કાર્ય માટે ખૂબ જ જહેમત ઉઠાવી સમાજના નવેક લાખથી વધુ રકમ ખર્ચાવી સેંકડો વર્ષ સુધી તેના માટે ચિન્તા ન રહે તેવું કાર્ય સમાપ્ત કરાવી તીર્થના જિનાલયો દીર્ઘાયુષ્ય બનાવેલ છે. આ સિવાય પણ તારંગાજી, જેસલમીર, કાપરડાજી, કુંભારીયાજી, ચિત્રકુટાદિ તીર્થો અને મેવાડ, માળવા, ગુજરાત, કાઠીયાવાડના કેટલાય ગામોના જિનાલયોના જીર્ણોદ્ધાર કરાવવામાં પણ ભક્તજનો પાસે મોટા પ્રમાણમાં નાણાનો સદ્વ્યય કરાવેલ છે. એકંદર માત્ર જીર્ણોદ્ધારના કાર્યમાં બારલાખથી વધુ રકમનો સદ્વ્યય કરાવેલ હશે, સાચી વાત તો એ હતી કે જેનો આત્માજ પ્રાચિન જીનાલયોના જીર્ણોદ્ધાર અને મહાવીરના વારસોને જ્ઞાનપિપાસાથી તૃપ્ત કરવામાં ઓતપ્રોત જ થઈ ગયેલો હતો. જેમને નવીન કોઇ પણ કાર્ય ગમતું જ નહિ. કેટલાય ભક્તજનો એ નવીન પ્રતિમાઓ ભરાવવા અને અંજનશ્લાકા કરાવવા આચાર્યદેવને વિજ્ઞપ્તિ કરેલ છતાં પણ તેમનો હરેક પ્રત્યે એકજ સંદેશો હતો કે નવીનના બદલે પ્રાચિન તત્વોને સાચવવામાં સમાજનો એકેએક વ્યક્તિ ઉદ્યમી અને મશગુલ રહે એ જ વધારે હિતકર શાસનની ઉન્નતિ માટે છે.

અપૂર્ણ.

"તંત્રીસ્થાનેથી"